
વર્ષ : ૪૨ ❖ અંક : ૧૨
ડિસેમ્બર - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



## સંસ્થામાં પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનીલસાગરજી મહારાજ (સસંઘ)નું શુભાગમન

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિરની બોલતી તસવીરો
(તા. ૧-૧૨-૨૦૧૮ થી તા. ૩-૧૨-૨૦૧૮)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


આદ. ચૈતન્યસ્વામી


ડૉ. કુમારપાળ દેસાઈ


આદ. સુધીરભાઈ મહેતા


બા.બ્ર. સુરેશજી


ભક્તિસંગીત : ડૉ. શેફાલીબેન શાહ


સંસ્થા પ્રકાશિત 'અધ્યાત્મતત્ત્વ પ્રશ્નોત્તરી' (પાંચમી આવૃત્તિ)ના વિમોચન વેળાએ


સંસ્થા પ્રકાશિત 'શ્રીમદ્ રાજચંદ્રની જીવનસાધના' (ચોથી આવૃત્તિ)ના વિમોચન વેળાએ



ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત 'પરમનો સ્પર્શ' પુસ્તકના વિમોચન વેળાએ



સંસ્થામાં યોજાયેલ રક્તદાન શિબિર વેળાએ (તા. ૨-૧૨-૨૦૧૮)



-: પ્રેરક :-

શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-

શ્રી મિતેશ એ. શાહ

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂ. ૪૦૦

આજીવન રૂ. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80,  £-60

આજીવન : Rs. 15000

$-300,  £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) સાધનામય જીવન ....... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) મોહ એટલે આસક્તિ, ભ્રમ અને મૂર્છા ...... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૮

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૧

(૫) શ્રી સામાયિક પાઠ ............ પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી ..................... .................. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૬

(૭) આત્માની અભાવ-અભાવશક્તિ ........... ........................ શ્રી વલભજી હીરજી .... ૨૦

(૮) મુન્યાચાર ...............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૫

(૯) ધર્મનું મૂળ વિનય ......... શ્રી રતિલાલ વોરા .... ૨૮

(૧૦) શ્રુતજ્ઞાનના મહાસાગરનાં મોતી ............. ....................... શ્રી મિતેશભાઈ શાહ .... ૨૯

(૧૧) સમાજ-સંસ્થા દર્શન .......................... ૩૧

**વર્ષ : ૪૨ ડિસેમ્બર, ૨૦૧૮ અંક - ૧૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

આપે કહ્યું છે કે, "ઉદય આવેલા કર્મોને ભોગવતાં નવા કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે."

અત્યાર સુધી તો અમારા આત્મામાં કોઈનો બોધ પરિણામી થયો નહોતો, પરંતુ આપના અમૂલ્ય વચનો એક પછી એક અંતરમાં ઉતરવા માંડ્યા છે અને આત્મામાં વિચારણા જાગી છે. 'જાગ્યા ત્યારથી સવાર' એમ માનીને ભૂતકાળ પર દૃષ્ટિ કરતાં, નવી દૃષ્ટિ સાંપડી છે. આપે એમ પણ કહ્યું છે કે, "શુભાશુભ કર્મના ઉદય સમયે હર્ષ-શોકમાં નહીં પડતા ભોગવ્યે છૂટકો છે, અને આ વસ્તુ તે મારી નથી એમ ગણી સમભાવની શ્રેણી વધારતા રહેશો."

બીજો પણ એક ઉત્તમ બોધ વાંચવામાં આવ્યો છે કે "ઉદયને અનુસરી જે કંઈ થાય તેમાં સમતા ધારણ કરવી જોઈએ અને તે સમતા પ્રાપ્ત કરવા માટે જ પુરુષાર્થ કરવો યોગ્ય છે." આ બધા વચનો વાંચતા સમજાય છે કે, સર્વ પ્રકારના ઉપદેશનો સાર માત્ર સામ્યભાવને પ્રગટાવવાનો છે, તે જ મુક્તિનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

બીજી એક વિચારણા એ પણ છે કે અશુભ કર્મો બંધાઈ ગયા હોય તો એ ઉદયમાં આવે તે પહેલાં જ તપ-જપથી એની નિર્જરા થઈ જાય છે. તપ એ ઘાસ સમાન છે. ઘાસ જેમ કાચી કેરીને પકવી દે છે, તેમ તપ ઉદયમાં નહીં આવેલા કર્મો પર ઉપક્રમ કરી ખપાવી દે છે. આ નિર્જરા પણ સામ્યભાવ-સમભાવ વગર થતી નથી. ગમે તેવી રસોઈ હોય પણ તેમાં મીઠું ભળે તો જ સ્વાદિષ્ટ બને છે, તેમ ગમે તેટલું મોટું તપ હોય તો પણ તેમાં સમભાવ ભળે તો જ તે કર્મનિર્જરારૂપ બને છે.


હે પ્રભુ ! આપનું તો જીવન જ કર્મોને સમભાવે વેદવાના દૃષ્ટાંત રૂપ છે. વિકટ ઉપાધિયોગમાં આપે કેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી તે વિચારતાં અમારું મસ્તક આપના ચરણકમળમાં પરમ અહોભાવથી ઝૂકી જાય છે અને બોલાઈ જાય છે,

"મુક્તિ નહીં પણ ચરણની સેવા, માંગું છું હું તો કૃપાળુદેવા!"

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૫૨૮

**મુંબઈ, આસો સુદ ૧૧, બુધ, ૧૯૫૦**

સ્વપ્નેય જેને સંસારસુખની ઇચ્છા રહી નથી, અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશ યોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને આત્મહિત ઇચ્છવું એ નહીં બનવા જેવું જ કાર્ય છે; કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ; લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને, તેને સંક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.

આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી, છતાં તે સત્સંગ પણ, જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તો પણ વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઈ જતાં વાર લાગતી નથી; અને સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને ? જે પ્રસંગમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે એમ નિશ્ચય કરી, પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે અને પરિણામે પરિણામે તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમ જ કર્યા કરવું, એ શ્રી વર્ધમાનસ્વામીની છદ્મસ્થ મુનિચર્યાને દૃષ્ટાંતે અમે કહ્યું હતું.

### પત્રાંક ૮૮૭

**મોહમયી, શ્રાવણ વદ ૦)), ૧૯૫૫**

ૐ

**અગમ્ય છતાં સરળ એવા મહત્પુરુષોના માર્ગને નમસ્કાર**

સત્સમાગમ નિરંતર કર્તવ્ય છે. મહત્‌ભાગ્યના ઉદય વડે અથવા પૂર્વના અભ્યસ્ત યોગ વડે જીવને સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે, જે અતિ દુર્લભ છે. તે સાચી મુમુક્ષુતા ઘણું કરીને મહત્પુરુષના ચરણકમલની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે, અથવા તેવી મુમુક્ષુતાવાળા આત્માને મહત્પુરુષના યોગથી આત્મનિષ્ઠપણું પ્રાપ્ત થાય છે; સનાતન અનંત એવા જ્ઞાનીપુરુષોએ ઉપાસેલો એવો સન્માર્ગ પ્રાપ્ત થાય છે. સાચી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થઈ હોય તેને પણ જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા અપ્રમત્તયોગ સંપ્રાપ્ત કરાવે છે. મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ આ પ્રમાણે જણાય છે.

વર્તમાનકાળમાં તેવા મહત્પુરુષનો યોગ અતિ દુર્લભ છે કેમકે ઉત્તમ કાળમાં પણ તે યોગનું દુર્લભપણું હોય છે; એમ છતાં પણ સાચી મુમુક્ષુતા જેને ઉત્પન્ન થઈ હોય, રાત્રિદિવસ આત્મકલ્યાણ થવાનું તથારૂપ ચિંતન રહ્યા કરતું હોય, તેવા પુરુષને તેવો યોગ પ્રાપ્ત થવો સુલભ છે.

'આત્માનુશાસન' હાલ મનન કરવા યોગ્ય છે.

**શાંતિઃ**

# સાધનામય જીવન

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



આપણને મનુષ્યની જિંદગી મળી છે. તેનો આપણે એવો ઉપયોગ કરી લઈએ કે જેથી આપણને જીવનમાં શાંતિ, સમાધાન, પ્રસન્નતા અને નિર્ભયતાનો અનુભવ થાય. આ પ્રયોજન સિદ્ધ કરવા માટે આપણે સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ અને પ્રાપ્ત કરેલા જ્ઞાનની જીવનમાં દૃઢ શ્રદ્ધા અને યથાશક્તિ આચરણ કરવું જોઈએ.

સાચું જ્ઞાન પ્રાપ્ત કરવું સરળ નથી, કારણકે વર્તમાનકાળમાં સાચું જ્ઞાન કોઈક જ જગ્યાએ મળી શકે છે. સામાન્ય જીવનમાં જેને જ્ઞાન કહેવામાં આવે છે, તે તો આજીવિકા પ્રાપ્ત કરવાની કળા અને માહિતી છે. વળી, જ્યાં ધર્મ અને સત્સંગના નામે પણ જ્ઞાન આપવામાં આવે છે, ત્યાં પણ મોટા ભાગે પોતાના સંપ્રદાયના તત્ત્વજ્ઞાનને જ સાચું જ્ઞાન માનીને તેનું અધ્યાપન કરાવવામાં આવે છે. દેહદેવળમાં રહેલા ચૈતન્યદેવ દેહથી જુદા છે અને તેમનાં દર્શન કરવા માટે ચિત્તની શુદ્ધિની આવશ્યકતા છે - આવા અધ્યાત્મજ્ઞાનની મુખ્યતા રાખીને જે જ્ઞાન સ્વપરહિતાર્થે આપવામાં આવે તે સાચું જ્ઞાન હોઈ શકે છે. આવું અધ્યાત્મજ્ઞાન પામવાથી જીવનનું ઉપરોક્ત પ્રયોજન સિદ્ધ થઈ શકે છે.

જેમ અધ્યાત્મજ્ઞાનનો યોગ મળવો આ કાળે ઘણો દુર્લભ છે, તેમ તે જ્ઞાન જીવનમાં ઉતારવા માટે, તેનો અનુભવ થવા માટે જે સમુચ્ચય પાત્રતા જોઈએ, તે પણ ઘણી દુર્લભ છે. સાચું અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ મુખ્યપણે બૌદ્ધિકતાનો વિષય નથી, પણ આપણા હૃદયની સરળતા, સદ્‌ગુણસંપન્નતા, સત્યપ્રિયતા, દૃઢ-સંકલ્પબળ અને નિષ્પક્ષતાનો વિષય છે. આપણા જીવનમાં આવી સત્પાત્રતા ન આવે ત્યાં સુધી કોઈ પણ સંજોગોમાં આપણને સત્યનો સાક્ષાત્કાર થઈ શકે નહિ અને તે પ્રાપ્ત કરવા માટે સાધનામય જીવનની આવશ્યકતા છે.

હવે સાધનામય જીવન બનાવવા માટે, એટલે કે મોહાસક્તિ ઘટાડવા માટે મુખ્ય ત્રણ વસ્તુઓ આપણા જીવનમાં હોવી જોઈએ : નિયમિત સાત્ત્વિક જીવન, સત્સંગની સતત ઉપાસના અને સદ્‌વાચન.

**(૧) નિયમિત સાત્ત્વિક જીવન :** રોટી, કપડાં, મકાન, વાણી અને કુટુંબ-સમાજ સાથેના વ્યવહારમાં આપણે ક્રમે ક્રમે ફેરફારો કરવા જોઈએ અને અલ્પમૂલ્યવાન, સાદી, અહિંસક વસ્તુઓનો આપણા રોજ-બરોજના જીવનમાં પ્રયોગ કરવો જોઈએ. આ પરિવર્તન જોકે મુખ્યપણે તો વ્યક્તિગત સ્તરે લાવવું પડે, પણ જો તે વિવેકથી લાવવામાં આવે તો ધીમે ધીમે કુટુંબના સભ્યો પર પણ તેની વધતી-ઓછી અસર થઈ શકે.

પોતાનો વ્યક્તિગત ખર્ચ ઓછો થઈ જવો જોઈએ, જેથી કદાચ આધ્યાત્મિક અભિગમથી પ્રારંભમાં આવક ઓછી થાય તો પણ ઘરના સભ્યોને ખાસ અગવડ પડે નહિ. જીવનમાં આ પ્રમાણે પરિવર્તન કરવાથી સાધના માટે દરરોજ બે-ત્રણ કલાકનો સમય ધીરે ધીરે ફાજલ પાડી શકાય છે. આમ કરવાથી આધ્યાત્મિકતાની વૃદ્ધિમાં આવશ્યક એવાં વાચન, વિચાર-દાન-દર્શન-પ્રાર્થના-ચિંતન અને સેવા-પરોપકારમાં પ્રવર્તવાનું સરળતાથી બની શકે છે.

**(૨) સત્સંગની સતત ઉપાસના :** આત્મકલ્યાણનું આ એક અતિ શ્રેષ્ઠ સાધન છે. દરેક મનુષ્યે પોતાના ગામમાં કોઈ ને કોઈ સાચો સત્સંગ શોધી કાઢવો જોઈએ. પ્રારંભમાં ભલે અઠવાડિયામાં બે દિવસ સત્સંગ કરે, પણ ધીમે ધીમે દરરોજ સત્સંગ થઈ શકે. અને તેના ફળરૂપે આપણા ઉપર સત્‌નો રંગ ચડે તેવો પ્રયત્ન કરવો જોઈએ. જિજ્ઞાસુઓએ તીર્થક્ષેત્ર અથવા નિવૃત્તિક્ષેત્રમાં જઈ વર્ષમાં બે-ત્રણ વાર ઘનિષ્ઠ સત્સંગ કરવો જોઈએ. જેઓ ઉચ્ચ કક્ષાના સાધકો છે, તેમણે તો ત્યાગી કે અર્ધત્યાગી જીવનનો સ્વીકાર કરીને વારંવાર અથવા નિરંતર સદ્‌ગુરુ કે સત્પુરુષના સમાગમની વૈજ્ઞાનિક, ઘનિષ્ઠ અને દીર્ઘકાલીન ઉપાસના કરીને પોતાનું આત્મકલ્યાણ ત્વરાથી સાધવું જોઈએ. ઘરમાં રહીને સાધના કરતાં કરતાં તો સામાન્ય કલ્યાણના અંશો પ્રાપ્ત થાય, મહાન પુરુષાર્થ કરવા માટે સત્સંગનો પ્રબુદ્ધવિશિષ્ટ અને સતત ઉદ્યમ કરવો જોઈએ. જીવનમાં સ્પષ્ટપણે દુર્ગુણો અને વ્યસનો નષ્ટ થાય, વિવિધલક્ષી સદ્‌ગુણો વિકસે અને પાપવૃત્તિ ઓછી થઈ પરમાત્મપદ પ્રત્યે પ્રચૂર પ્રીતિ પ્રગટે, તો જ જાણવું કે સત્સંગ સાચો થયો છે. જો આવું પરિણામ ન આવે તો તે સત્સંગની પુનર્વિચારણા કરવી જોઈએ કારણ કે કાં તો ખોટો સત્સંગ થયો છે, અને કાં તો સત્સંગ કરનારની સત્પાત્રતાની કચાશ છે, નહિતર નિશ્ચિત છે કે સત્સંગથી અસંગ એવા નિજપદની પ્રાપ્તિ અવશ્ય થાય.

**(૩) સદ્‌વાચન :** આ જમાનામાં સત્સંગ મળવાની દુર્લભતા છે. વળી, સત્સંગ મળે તો પણ તેની ઉપાસના કરવામાં અનેક પ્રકારનાં વિઘ્નો આવે છે, માટે જ્યારે સત્સંગનો સમય ન હોય ત્યારે મુખ્યપણે કઈ સાધના કરવી ? આ વિશે જ્ઞાનીપુરુષો નીચે પ્રમાણે માર્ગદર્શન આપે છે :

(૧) આત્માદિ અસ્તિત્વનાં જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.

**- આત્મસિદ્ધિશાસ્ત્ર**

(૨) શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય ને ઐકાગ્ર્ય વસ્તુ નિશ્ચયેઃ
નિશ્ચય બને આગમ થકી, આગમ પ્રવર્તન મુખ્ય છે.

**- પ્રવચનસાર, ૨૩૨**

આમ, આ જમાનામાં સાધકો માટે સ્વાધ્યાય-સદ્‌વાચનરૂપી તપને મુખ્ય કહ્યું છે. પ્રારંભિક ભૂમિકાના સાધકે વૈરાગ્ય અને ઉપશમની વૃદ્ધિ થાય તેવાં શાસ્ત્રો પણ વાંચવાં જોઈએ, તેમ જ સાથે સાથે જીવાદિ તત્ત્વોને સમજાવનાર અધ્યાત્મશાસ્ત્રો પણ ગુરુગમ સહિત, નિષ્પક્ષ થઈને, આત્મહિતાર્થે વાંચવાં જોઈએ. શ્રવણ કરીને, વાચન કરીને, નોંધ કરીને અને પાકી નોંધો કરીને પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરી અગત્યનાં સત્શાસ્ત્રોના અંશોને (ગાથાઓ/શ્લોકોને) કંઠસ્થ કરવા જોઈએ. પદ્યસાહિત્ય કંઠસ્થ કરીને લયબદ્ધ રીતે બોલવાથી સાધનામાં ઉત્સાહ, પ્રસન્નતા આવે છે અને અન્યને પણ લાભનું કારણ બની શકે છે.

જેમ જેમ આગળ વધે તેમ તેમ પોતાની બુદ્ધિ-બળ-આયુષ્ય-સત્પાત્રતા પ્રમાણે વિશિષ્ટ શાસ્ત્રજ્ઞતા પ્રાપ્ત કરી શકે છે. આમ, અહીં આપણે વિવિધ સત્સાધનોની વિચારણા નિશ્ચયનયની મુખ્યતાથી કરી. આ સાધનોની સાથે સાથે -

(૧) દઢતાપૂર્વક સદાચારમાં નિવાસ

(૨) સાદું જીવન અને ઉચ્ચ પવિત્ર વિચારો

(૩) ઊણોદરી-ભૂખ કરતાં ઓછું જમવું

(૪) એકાસણું - ઉપવાસાદિ

(૫) રસાસ્વાદત્યાગ

(૬) એકાંતવાસ - તીર્થક્ષેત્રોમાં, ત્યાગીઓના સંઘમાં કે ગુરુકુળમાં નિવાસ

**(અનુસંધાન પાના નં. ૧૫ પર...)**

પરમનો સ્પર્શ - ૧૦૨

# મોહ એટલે આસક્તિ, ભ્રમ અને મૂર્છા

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

મહર્ષિ વેદવ્યાસે મોહગ્રસ્ત માનવીની આસક્તિ કેવાં અનિષ્ટકારી અને આત્મઘાતક પરિણામો સર્જે છે એની સંક્ષેપમાં માર્મિક વાત કરી છે. આવી આસક્તિ વ્યક્તિને ખુલ્લી આંખે અંધત્વનો અંધકાર આપે છે અથવા તો એ પોતાની મોહવૃત્તિના દોર પર નાચતી કઠપૂતળી બની જાય છે. અશ્વઘોષે મોહની ક્રિયા-પ્રક્રિયા બતાવતાં કહ્યું છે,

'જગતમાં પોતાના કર્મોના અનુરાગને કારણે કોણ પોતાના અને કોણ પરાયા ? આ હકીકત હોવા છતાં મોહવશ માનવી બીજી વ્યક્તિ કે પદાર્થમાં આસક્ત થાય છે. જ્યાં મોહ છે, ત્યાં દુઃખ છે અને માણસના દુઃખના મૂળમાં રહેલી ઈચ્છા અને અપેક્ષાઓનું મોહ દ્વારા સિંચન થતું હોય છે. આ મોહ એના વિકારોને જગાડે છે, એના અનાચારોને ઉશ્કેરે છે અને પછી વ્યક્તિ એ મોહની પાછળ આંખો મીંચીને દોટ લગાવે છે.'

આથી સંત તુલસીદાસે કહ્યું,

**''काम क्रोध लोभादि मद प्रबल मोह कै धारि,**
**तिन्ह महं अति दारुन दुःखद मायारूपी नारि ॥''**

'માનવી કામ, ક્રોધ અને લોભ આદિ અહંકાર રૂપી પ્રબળ મોહને ધારણ કરે છે અને એ માયારૂપી નારીને પરિણામે દુઃખદ સ્થિતિ પામે છે.'

માનવીને પોતાના વિકારો, વ્યસનો કે વિષયવાસના પ્રત્યે અતિ મોહ જાગૃત થતો હોય છે. એનો એ મોહ એને આવેગભરી રીતે ઉશ્કેરાઈને કહે છે કે જો આ વાસનામાં અપાર સુખ છે, આ દુરાચાર માણવાની ભારે મજા છે, આ વ્યસનમાં તો પારાવાર આનંદ છે. જીવનનાં સઘળાં દુઃખ કે દર્દ ભૂલાઈ જાય છે.

પ્રારંભમાં તો જે કલ્પ્યું હતું એવું સુખ પ્રાપ્ત થયું નહીં. ધાર્યો હતો એવો પારાવાર સંતોષ મળ્યો નહીં. મનમાં ગલીપચીભરી કેટલીય કલ્પનાઓ કરી હતી એ કલ્પનાઓ સિદ્ધ થઈ નહીં ત્યારે મોહગ્રસ્ત માનવી મોહની વ્યર્થતા જોવાને બદલે આને માટે પુનઃ પુનઃ પ્રયાસ કરે છે. એમાંથી તો એને જરૂર સુખ, સંતોષ કે આનંદ મળશે એમ માનીને પ્રયત્નોની પરંપરામાં વધુને વધુ દોડતો, ધસતો અને ખૂંપતો જાય છે.

ભૂતકાળની ઘટના પરથી બોધપાઠ લેવાને બદલે માનવી મોહગ્રસ્ત ભવિષ્યની રમણીય અને કાલ્પનિક ધારણાઓ પર જીવતો અને દોડતો હોય છે. પરિણામે થાય છે એવું કે એ એકવાર મોહના પંજામાં સપડાયા બાદ એ જીવનવિનાશક પંજામાંથી છૂટી શકતો નથી. મોહ એના મન અને જીવનની આસપાસ ભ્રમનો અને કાલ્પનિક સુખનો એવો જડબેસલાટ પહેરો ગોઠવી દે છે કે ત્યાં સાચી સમજણનો પ્રકાશ પહોંચી શકતો નથી.

મોહનો એક બીજો અર્થ ભ્રમ છે. એનો અર્થ જ એ કે મોહ જે પ્રત્યક્ષ નથી, એ પદાર્થ કે વ્યક્તિને માનવીના મનમાં સર્જે છે, જે આનંદ નથી એ આનંદની કલ્પના એના મનમાં ઉશ્કેરે છે, જ્યાં સહેજે સુખ નથી તે અત્યંત સુખમય હોવાનું છલનામય વિશ્વ એના મનમાં પેદા કરે છે.

ટેલિવિઝન પર જેમ કોઈ એક વ્યક્તિ એક ચૅનલ જુએ અને એમાં મજા ન આવે તો બીજી ચૅનલ જુએ છે. બીજી ચૅનલમાં રસ ન પડે એટલે તરત ત્રીજી ચૅનલ પર ધસી જાય છે અને ત્રીજી ચૅનલ ગમે

નહીં એટલે ચોથી ચૅનલમાં મજા આવશે એમ માનીને એ પછીની ચૅનલ પર જતો હોય છે. ચોથી ચૅનલ 'જામશે' નહીં એવું લાગતાં એ પાંચમી ચૅનલ પર જાય છે. આ રીતે એ સતત અનુભવતો હોય છે કે ભલે આ ચૅનલમાં મજા ન આવી, પણ પછીની ચૅનલમાં જરૂર મજા આવશે. આ ચૅનલ જેવું જ મોહનું લક્ષણ છે. એ મોહ એને સતત દોડાવ્યે રાખે છે. મોહ વ્યક્તિને કહે છે કે ભલે આમાં મજા ન આવી, પણ હવે પછી પેલામાં જરૂર મજા આવશે, એમ લાલચ અને પ્રલોભન આપીને એ સતત એક પ્રકારની ઉત્તેજના સર્જતો હોય છે. ઉત્તેજના અને ઝંખનાનો એવો ખેલ રચાય છે, જેનો અંત આવતો નથી અને વ્યક્તિ વધુને વધુ મોહાધીન થતો જાય છે.

ધનના લોભથી કોઈ વ્યક્તિ પહેલાં થોડી લાંચ લે પછી એને બીજી વાર લાંચ લેવાનું મન થાય છે. પણ એ સમયે એ પહેલાં કરતાં વધુ મોટી રકમનું લાંચ લેવાનું નક્કી કરે છે. આપણા દેશમાં થતાં કરોડો રૂપિયાના કૌભાંડોની પાછળ વ્યક્તિની આ મોહજનિત પ્રકૃતિ રહેલી છે. એ જ રીતે એક ખોટું કે અનિષ્ટ કાર્ય કરે અને ફાવી જાય, તો પછી વધુ મોટું અનિષ્ટકારી કામ કરવાનો વિચાર કરે છે. લોકોની ભીડમાં ખિસ્સા કાતરવાનું કામ કરતો ખિસ્સાકાતરુ સમય જતાં વધુ ફાવટ મળતાં હત્યારો બની જાય છે અને હત્યારો પહેલાં એક જ હત્યાનો વિચાર કરે છે અને પછી સમય જતાં હત્યાની પરંપરા સર્જતો જાય છે.

એક દૃષ્ટિએ મોહાર્થી અને મોક્ષાર્થી બંને ધ્યેય-સિદ્ધિ માટે પ્રવૃત્ત હોય છે, કિંતુ મોહ ધરાવનારનું ધ્યેય વધુને વધુ પામવાનું હોય છે અને મોક્ષ ધરાવનારનું ધ્યેય વધુને વધુ ત્યાગવાનું હોય છે. મોહ રાગ સાથે ચાલે છે. મોક્ષ વિરાગના માર્ગે ગતિ કરે છે. વળી, મોહાંધ માનવી એ ભૂલી જાય છે કે એ જેવું દુષ્કર્મ કરે છે એનું ફળ એને ભોગવવું પડશે. એ જ્યારે કોઇ દુષ્ટ કે અધમ કર્મ કરતો હોય, ત્યારે એ માને છે કે કાં તો કોઇને મારા દુષ્ટ કર્મની જાણ નહીં થાય અને કદાચ કોઈને ખબર પડશે તો પણ એનાથી એને કશી હાનિ નહીં થાય. આથી મોહ અને દુષ્કર્મ વચ્ચે ગાઢ સંબંધ છે. મોહથી ઘેરાયેલો માણસ જે કંઇ કરે છે, એને કર્મફળ મળે જ છે. કર્મની અદાલતમાંથી એ હેમખેમ છૂટી શકતો નથી.

મોહનો એક અન્ય અર્થ છે મૂર્ચ્છા કે બેહોશી. બેહોશ માનવીને એનું પોતીકું જગત હોય છે. વ્યક્તિ જ્યારે મૂર્ચ્છા પામે, ત્યારે એને બાહ્ય જગત દેખાતું નથી. એ જ રીતે મોહની મૂર્ચ્છા પામનારાઓને જગતની બીજી કોઈ બાબત દેખાતી નથી. વાસનાથી દોરાઈને પોતાના નિકટના સ્વજનો પર થતા બળાત્કારની ઘટનાનું કારણ શું ? ભાઈ કે પિતાની હત્યા કરનારા માણસની હત્યાની પાછળનો ઈરાદો શો ? આ પ્રત્યેક બાબતમાં એક યા બીજા રૂપે મોહ કારણભૂત હોય છે.

વાલિયા લૂંટારાનો મોહ દૂર થતાં એ ઋષિ વાલ્મીકિ બને છે. એ જ્યારે લૂંટારો હતો ત્યારે મોહવશ થઈને અધમ કૃત્યો કરતો હતો. પછી એને ખ્યાલ આવ્યો કે જે પરિવારને માટે એ સઘળાં કૃત્યો કરે છે એનું ફળ ભોગવવા તો એક કુટુંબીજન તૈયાર નથી, એનું ફળ તો એને જ ભોગવવું પડશે. એ ક્ષણે વાલિયા લૂંટારાનો ભ્રમ ભાંગી ગયો અને સત્ય લાધ્યું. પરંતુ બહુ ઓછી વ્યક્તિઓને એમના ભ્રમમય મૂર્છાગ્રસ્ત જીવનમાં આવું સત્ય હાથ લાગતું હોય છે.

મોટેભાગે તો માનવી મોહના કિલ્લાઓ રચીને બેપરવા બનીને મોજથી એમાં વસતો હોય છે. એને વિશે આકર્ષક સ્વપ્નો સેવવાની સાથે ભાવિની કેટલીય મધુર અને રમણીય કલ્પનાઓ કરતો હોય છે. પરિણામ ગમે તે આવે, પણ પ્રક્રિયા

અંગે એનામાં અત્યંત ઉત્તેજના હોય છે અને એ ઉત્તેજના જ એને વિનિપાતના માર્ગે આગળ ધકેલતી હોય છે. જે પ્રાપ્ત કરવાની એણે કલ્પના કરી હોય છે એ મળ્યા પછી એનો રોમાંચ, ઉત્કટતા કે મવગઢંત કલ્પના ઘટી-ઓસરી જાય છે, પરંતુ પ્રાપ્ત કરવાની લોલુપતાના રોમાંચમાં એ અત્યંત ઉત્તેજનાપૂર્વક જીવન ગાળતો હોય છે અને આ ઉત્તેજના જ એની મોહવૃદ્ધિ કરતી રહે છે. આ ઉત્તેજના અસંતુષ્ટ રહે તો પણ મોહ એને ફરી દોડાવે છે. માણસ થાકી જાય, હાંફી જાય, એના કંઠે પ્રાણ આવી જાય તો પણ એનો મોહ છૂટતો નથી. જે આ મોહની લીલાને ઓળખે છે, એ જ જીવનની સચ્ચાઈને પામી શકે છે. હકીકત તો એ છે કે અનાદિનો મોહ જીવને ભરમાવે છે અને તેથી કોઈપણ સાધકને માટે મોહમુક્તિ એ પ્રથમ પગથિયું છે. આ મોહમુક્તિ એટલે આસક્તિને અળગી કરી, મોહની મૂર્ચ્છામાંથી બહાર આવીને મોહની લોભામણી ભ્રમજાળ ભેદીને સત્ય પામવું.

# પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

**[૧]** પુસ્તકનું નામ : **પરમનો સ્પર્શ**

**લેખક :** ડૉ. કુમારપાળ દેસાઈ ● **પાના :** ૨૪૮ ● પ્રથમ આવૃત્તિ, નવે. ૨૦૧૮ ● મૂલ્ય : રૂા. ૨૫૦

**પ્રાપ્તિસ્થાન :** ગૂર્જર સાહિત્યભવન, ગાંધી રોડ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦

પાકું બાઈન્ડિંગ, સારા કાગળનો ઉપયોગ, આકર્ષક મુખપૃષ્ઠ છે. આ પુસ્તકમાં પરમની પ્રાપ્તિનો માર્ગ, સર્જન-વિસર્જનનો ખેલ, પરમ તેજે તું લઈ જા, શ્રદ્ધાના સૂર, ભવોભવની ભૂલ સુધારીએ, એકલો જાને રે, ક્રોધ : ભીતરમાં વસતો યમરાજ વગેરે ૪૪ જેટલા લેખોનો સંગ્રહ છે. પુસ્તકમાં આલેખાયેલું ચિંતન માનવજીવનના ઊર્ધ્વારોહણમાં પ્રેરક બને તેવું છે. જીવનની સમજદારી ખીલવવામાં ઉપયોગી, સત્ત્વવિચાર અને વિચારસત્ત્વ પ્રગટ કરતું, બહુજનહિતાય અને બહુજનસુખાય એવા આ પુસ્તકમાં હૃદયની ઊર્ધ્વતાની ઝંખના અને પરમ તત્ત્વને જરૂર પડ્યે ગ્રંથો અને પરંપરાનીયે પાર જઈને જોવાનો લેખકનો દૃષ્ટિકોણ પ્રતિબિંબિત થાય છે. અધ્યાત્મમાર્ગના પથિકો માટે આ પુસ્તક માર્ગદર્શક બની રહે તેવું છે. આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે.

**[૨]** પુસ્તકનું નામ : **आगम के पन्नो में जैन मुनिजीवन**

**લેખક :** અચલગચ્છીય મુનિ ગુણવલ્લભસાગરજી મ.સા. ● **મૂલ્ય :** લખેલ નથી.

**પ્રકાશક :** શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરિટેબલ ટ્રસ્ટ

**પ્રાપ્તિસ્થાન :** શ્રી સોમચંદભાઈ લોડાયા (મો. ૦૯૩૨૨૨૭૫૪૪૦) ફોન : (૦૨૨) ૨૩૦૦૮૮૭૧

આગમસૂત્રોના આધારે આ પુસ્તક સરળ હિન્દી ભાષામાં છે, જે સાધુ-સાધ્વીજી માટે પોતાની સંયમયાત્રામાં સમ્યક્ ચિંતન માટે ઉપયોગી છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૬૧)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સૂર્યની તેજસ્વિતા, ચંદ્રની શીતળતા અને તારકોની વિશાળતાના મૂર્તિ સમા પરમકૃપાળુદેવની સમાધિગિરા વિશ્વરત્નસમી 'મોક્ષમાળા' શિક્ષાપાઠ-૬૮માં આવે છે, ''મનને વશ કરવું એ સર્વોત્તમ છે. એના વડે સઘળી ઇંદ્રિયો વશ કરી શકાય છે. મન જીતવું બહુ બહુ દુર્ઘટ છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે. એને થકાવવું બહુ દુર્લભ છે. એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે. મહાજ્ઞાનીઓએ જ્ઞાન રૂપી લગામ વડે કરીને એને સ્તંભિત રાખી સર્વ જય કર્યો છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં નમિરાજ મહર્ષિએ શકેન્દ્ર પ્રત્યે એમ કહ્યું કે દશ લાખ સુભટને જીતનાર કંઈક પડ્યા છે, પરંતુ સ્વાત્માને જીતનારા બહુ દુર્લભ છે; અને તે દશ લાખ સુભટને જીતનાર કરતાં અત્યુત્તમ છે. મન જ સર્વોપાધિની જન્મદાતા ભૂમિકા છે. મન જ બંધ અને મોક્ષનું કારણ છે. મન જ સર્વ સંસારની મોહિની રૂપ છે. એ વશ થતાં આત્મ-સ્વરૂપને પામવું લેશમાત્ર દુર્લભ નથી.'' પરમકૃપાળુ-દેવની વાણી ગહન, ગંભીર અને ગરિમાપૂર્ણ છે. સહજ બોધદાયિની છે.

આપણે શ્લોક-૩૬માં વિચાર્યું હતું કે અવિક્ષિપ્ત મન આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે અને વિક્ષિપ્ત મન છે તે આત્મવિભ્રમ છે. હવે શ્લોક-૩૭માં આચાર્યદેવ ફરમાવે છે કે કયા કારણથી મનનો વિક્ષેપ થાય છે અને કયા કારણે તેનો અવિક્ષેપ થાય છે.

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।**
**तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते ॥३७॥**

**અન્વય :** अविद्याभ्याससंस्कारैः मनः अवशं क्षिप्यते तत् एव ज्ञानसंस्कारैः स्वतः तत्वे अवतिष्ठते ॥

**ભાષાન્તર :** અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી મન સ્વાધીન નહિ હોવાથી વિક્ષેપ પામે છે પણ તે જ મન ભેદજ્ઞાનના સંસ્કારો દ્વારા સ્વયં આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

**શબ્દાર્થ :** अविद्यां अभ्यास संस्कारैः = અવિદ્યાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી, अवशं = સ્વાધીન નહિ રહેવાથી, क्षिप्यते = વિક્ષિપ્ત, વિક્ષેપ પામે છે. तत् एव = તે જ મન, ज्ञानसंस्कारैः = ભેદજ્ઞાનના સંસ્કારોથી, स्वतः = સ્વયં, तत्त्वे = આત્મસ્વરૂપમાં, अवतिष्ठते = સ્થિર થાય છે.

**ભાવાર્થ :** ઇન્દ્રોથી પૂજિત શ્રી પૂજ્યપાદ આચાર્ય પારગામી છે. અધ્યાત્મની અસ્મિતામાં ચૈતન્ય વિલસી રહ્યું છે એવા આચાર્યદેવ સમાધિતંત્ર ગ્રંથમાં કોઈ પણ આત્મા પરમાત્મપદને પામે તેવી રીતિ અને નીતિ દર્શાવી છે. શિષ્ય પૂછે છે કે પ્રભુ ! તત્ત્વ એટલે શું ? શ્લોક ૩૬-માં તેનો પ્રત્યુત્તર આપ્યો છે કે તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ. તેની પ્રાપ્તિ માટે પ્રથમ સ્વ-પરનું ભેદજ્ઞાન કરવું. પર પદાર્થમાં અજ્ઞાની આત્મા ઈષ્ટ-અનિષ્ટ કલ્પના કરે છે તેનો ત્યાગ કરવો જોઈએ. રાગ-દ્વેષાદિના કારણો તરફ ઉપેક્ષા-બુદ્ધિ કરવી અને ભાવશ્રુત જ્ઞાનને અંતર્મુખ કરવું. આને કારણે પર પદાર્થો સંબંધીના વિકલ્પો શમવા લાગશે. આ જ અભ્યાસ, આ જ પુરુષાર્થ થયે મન અવિક્ષિપ્ત થાય છે. અર્થાત્ આત્મસ્વરૂપ સ્થિતિ બને છે. આત્મઆશ્રય થવો તે પરમ ઉપાય છે. 'એક હોય, ત્રણ કાળમાં'

પરમાર્થપદની પ્રાપ્તિનો ઉપાય છે. ભેદજ્ઞાન સાધી, સ્વમાં સ્થિતિ થવી એવું જ્ઞાનીઓનું દર્શન છે.

શ્લોક-૩૭માં કહે છે કે અવિદ્યાનો અભ્યાસ છે. તેના જ સંસ્કાર છે. તેથી મન વિક્ષેપ પામે છે. શરીર પુદ્‌ગલ છે તથા શરીર અપવિત્ર છે. તેમાં આત્માની કલ્પના કરી તેને સ્થિર માનવું કે પવિત્ર માનવું તે વિપરીત ભાવ છે. તથા જ્ઞાન અને રાગ એક છે તેમ માનવું પણ મિથ્યાજ્ઞાન છે. કોઈપણ પ્રકારના શુભભાવો કરવા અને તેથી આત્મધર્મ થાશે તેમ માનવું તે જ અવિદ્યા છે. વિદ્યા તેને કહેવાય છે જે મુક્તિ અપાવે. सा विद्या या विमुक्तये તે વિદ્યા જે મુક્તિનું કારણ બને, અન્ય જેટલી વિદ્યાઓ ગણવામાં આવે છે તે અવિદ્યા છે. અવિદ્યાને વારંવાર ઘૂંટવાથી વાસનારૂપ સંસ્કારો બંધાય છે. વારંવાર તેનો અભ્યાસ કરવાથી - તેના પ્રતિ રસ અને રુચિ હોવાથી તે ભાવો સંસ્કાર રૂપે પરિણમે છે, જેને આપણે કુસંસ્કાર કહીએ છીએ.

આવી વિપરીત બુદ્ધિ ઊભી થતાં તે પ્રમાણે મન વર્તે છે. અન્યને વશ થઈ વર્તે છે. સ્વવશ વર્તી શકતું નથી. પરિણામ સહજ સમજાય છે. ચાર ગતિમાં જીવ પરિભ્રમણ કરતો રહે છે. તે આત્મ-સ્થિરતા પામી શકતો નથી.

**દૃષ્ટાંત :** એક જ માતાપિતાના બે સંતાનો - માતાપિતાથી વિખૂટા પડતાં એક બ્રાહ્મણના ઘરે પહોંચે છે. બીજો ચાંડાલ જાતિ છે તેના ઘરે પહોંચે છે. એક પુત્રને વારંવાર બ્રાહ્મણ ઘરના સંસ્કાર મળે છે. વારંવાર તેનો અભ્યાસ થાય છે તેથી તે સુસંસ્કારી બને છે. વારંવારના અભ્યાસથી વિપ્રપુત્ર જેવો બને છે. જ્યારે બીજો પુત્ર ચાંડાલ ઘરમાં મોટો થાય છે. માઠો ધંધો - માઠું વાતાવરણ હોવાથી તે હલકા સંસ્કારથી, વારંવાર તેના જ અભ્યાસથી તેવા સંસ્કાર મળતા કુસંસ્કારી બને છે. તેવી રીતે અવિદ્યાના, અજ્ઞાનના મિથ્યા સંસ્કારોથી જીવ અજ્ઞાની બની રહે છે. શરીર પુદ્‌ગલ છે છતાં પોતાનું માને છે. શરીર અપવિત્ર છે છતાં પવિત્ર માને છે. પરમ-કૃપાળુદેવ અશુચિ ભાવનામાં જણાવે છે,

"ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ."

શરીર મૂત્ર અને મળની ખાણ છે. અશુચિથી ભરેલું છે. રોગને રહેવાનું ઘર છે. તેવું ન સમજતાં શરીરીભાવમાં જીવવાનો અભ્યાસ હોવાથી અવિદ્યાના સંસ્કાર દૃઢ થાય છે. મનને તે જીવ વશમાં રાખી શકતો નથી. અવશ થઈને મનના વિપરીત સંસ્કારથી ચાર ગતિ અને ચોરાસી લાખ જીવા-યોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે. રાગદ્વેષથી આકુલિત થાય છે. બાહ્ય વિષયોમાં સુખદુઃખના બાહ્ય ભાવોમાં પ્રવર્તે છે. 'હું જ્ઞાન સ્વરૂપ આત્મા છું' એવા સંસ્કારોથી વંચિત હોય છે. વિક્ષેપિત થાય છે.

જીવ અનાદિનો અવિદ્યામાં ખૂંપી રહ્યો છે. મોહની અત્યંત નિબિડ ગાંઠ પડી છે. તેથી આત્મપદ તરફ દૃષ્ટિ પણ કરતો નથી. ભેદજ્ઞાનના અમૃતરસને પીવે ત્યારે અનંતગુણધામ-અભિરામની અનંત શક્તિનો અનંત મહિમા પ્રગટ કરે એ આ બધાય કથનનું મૂળ છે. અનાદિના અવિદ્યાના અભ્યાસથી કેવી દુઃખદ સ્થિતિ અને ભેદજ્ઞાનના અભ્યાસથી કેવી મુક્ત સ્થિતિ પ્રાપ્ત થાય છે તે માટે 'અનુભવ પ્રકાશ' ગ્રંથમાં પંડિત શ્રી દીપચંદજી જણાવે છે કે જીવ ભોગોમાં મસ્ત રહે છે, જેમાં અવિદ્યા વૃદ્ધિ પામે છે. વિપરીત અભિપ્રાયને કારણે અવિદ્યાના સંસ્કારથી તેનું મન અવશ છે. સ્વાધીન કે સ્વવશ બની શકતું નથી. તેથી મન બંધ અને મોક્ષનું કારણ કહેવાયું છે.

જ્ઞાની સત્પુરુષ કહે છે કે મન પાડાનું ધ્યાન કર્યા કરે, પાડાના વિચારોમાં રહ્યા કરે તો તે વ્યક્તિ ધીમે ધીમે તે અભ્યાસને કારણે પાડા જેવા ભાવવાળો બની જાય છે. વાંદરાનું ધ્યાન કરે તો એ અભ્યાસને કારણે તેવી ક્રિયાઓ કરવા લાગે છે. મનને તેવો અભ્યાસ થતાં જીવ વિપરીત માન્યતાને કારણે તેવી

ચેષ્ટા કરવા લાગે છે. પરમકૃપાળુદેવ કહે છે કે એવા જીવને હું કોણ છું, ક્યાંથી થયો એવા વિચારો આવતાં નથી.

"હું કોણ છું? ક્યાંથી ગયો? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યાં."

મનુષ્યભવ મળ્યો તેનો પણ અજ્ઞાનીને મહિમા નથી. મારું સ્વરૂપ શું છે જગતની તૃષ્ણામાં રચ્યોપચ્યો છું. પરિવાર, સંપત્તિ વગેરે સાથે અનાદિની વળગણા બાંધી રાખી છે તે ભવમાં મને રખડાવશે એવી કોઈ વિચારણા મિથ્યાભાવમાં જીવનારને હોતી નથી. મહાપુરુષો આવીને સમજાવે છે કે મિથ્યા સુખ દેનારી સાહ્યબી હોય, માન-માયામાં સતત રાચતો હોય, બધા ખમા ખમા પણ કરતા હોય, જુવાની હોય એટલે શરીરમાં પરાક્રમથી ફરતો હોય, સંપત્તિની છોળો ઉછળતી હોય, વનિતાના વિલાસમાં મોહિત થઈ ઈન્દ્રિયોના વિષયોમાં ડૂબતો હોય, પણ ભાઈ ! આ સુખ એ સુખ નથી. અનાદિની અવિદ્યાના મોહમાં તું ફસાઈ રહ્યો છે. સત્‌ધર્મની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી તું મિથ્યામોહના વમળમાં છું. તેમાંથી છૂટવા માટે સુસંસ્કારોનું સિંચન કર. તું મનને વશ વર્તે છે ત્યાં સુધી ઉચ્ચ સંસ્કારની પ્રાપ્તિ અસંભવ છે. અવિદ્યાના સંસ્કારથી આવૃત્ત થયેલું મન-સ્તવન કે ભજનમાં ગાતું હોય કે...

"ચાર દિવસનાં ચાંદરણાં પર જૂઠી મમતા શા માટે ?
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે ?
આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહી પણ ના આવે,
તું ખૂબ મથે જેને જાળવવા, એ જોબન સાથે ના આવે,
અહીંનું છે તે અહીંયા રહેવાનું, એની દોસ્તી શા માટે?
જે ના આવે સંગાથે, તેની માયા શા માટે ?"

પણ અનાદિના સંસ્કારને વશ થઈ મનનું માન્યું કરીને વિષય તથા તેના કષાયજનિત ભોગમાં રચ્યોપચ્યો છે તેથી ભેદજ્ઞાન કે 'હું જ્ઞાન સ્વરૂપ આત્મા છું' એવું ભાન જાગૃત થતું નથી.

મન સંકલ્પ-વિકલ્પનો અખૂટ ખજાનો છે. એ સંકલ્પ-વિકલ્પથી મન ચંચળ બને છે. પરિણામે વ્યગ્ર થઈ કર્મબંધ બંધાય છે. મન સમય માત્રમાં જગતમાં ફરીને પાછું આવી જાય છે. એટલી ચંચળતા મનની છે. ખરેખર એક શસ્ત્ર દ્વારા જેટલી હિંસા થાય તેના કરતાં અનેકગણી હિંસા માનસિક ક્રૂરતાથી થઈ શકે છે. જો ચૈતન્ય સ્વરૂપ આત્મા પ્રતિ રસ-રુચિ જોડાય તો અવિદ્યા નાશ પામી શકે છે. સત્‌વિદ્યાનો ઉદય થઈ શકે છે. જીવ સત્‌વિદ્યાનો પ્રેમી થાય તો સત્ સ્વરૂપ આત્માના આશ્રયે પોતાની આરાધના સાધી સિદ્ધ થઈ શકે છે. માટે આચાર્યદેવ કહે છે કે હે શિષ્ય ! અવિદ્યાથી આવૃત્ત, અવિદ્યાના સંસ્કારથી આવૃત્ત જીવ મનને વશ વર્તે છે અને ચાર ગતિમાં ભ્રમણ કરે છે. તું હવે આત્મસ્વરૂપના મહિમાથી આત્મમય બની સ્વાધીન થા. પૂજ્ય બેનશ્રી ચંપાબેન વચનામૃત બોલ ૬૦ માં કહે છે,

"અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો અનંત દુઃખોને વેદતો રહ્યો છે. કોઈ વાર તેને સાચું સુખ દેખાડનાર મળ્યા, તો શંકા રાખીને અટક્યો, કોઈવાર સાચું સુખ દેખાડનારની અવગણના કરીને પોતાનું સાચું સ્વરૂપ મેળવતાં અટક્યો. કોઈવાર પુરુષાર્થ કર્યા વિના અટક્યો. કોઈવાર પુરુષાર્થ કર્યો તો થોડા પુરુષાર્થ માટે ત્યાંથી અટક્યો ને પડ્યો. આ રીતે જીવ પોતાનું સ્વરૂપ મેળવતાં અનંતવાર અટક્યો. પુણ્યોદયે આ દેહ પામ્યો, આ દશા પામ્યો, આવા સત્પુરુષ મળ્યા, હવે જો પુરુષાર્થ નહિ કરે તો કયા ભવે કરશે ? હે જીવ ! પુરુષાર્થ કર; આવી જોગવાઈ અને સાચું આત્મસ્વરૂપ બતાવનારા સત્પુરુષ ફરી ફરી નહિ મળે."

**(ક્રમશઃ)**

• • •

## પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત
# સામાયિક પાઠ (દ્વાત્રિંશતિકા)
### એક અનુચિંતન

પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી

(આધાર : પ.પૂ. ગણાચાર્યશ્રી ૧૦૮ વિરાગસાગરજી મહારાજની પુસ્તિકા તથા પૂજ્યશ્રીના સ્વાધ્યાય)

(ગાથા - ૩)

**दुःखे सुखे वैरिणि बन्धुवर्गे**
**योगे वियोगे भवने वने वा ।**
**निराकृताशेष ममत्वबुध्धैः**
**सम मनोमेऽस्तु सदापि नाथ ॥३॥**

**અન્વયાર્થ :** निराकृताशेष ममत्वबुध्धैः = સંપૂર્ણ પર પદાર્થોમાં મમત્વબુદ્ધિથી રહિત; नाथ = હે ભગવાન; मे मनः = મારું મન; दुःखेसुखे = દુઃખમાં, સુખમાં; वैरिणि बन्धुवर्गे = શત્રુ તથા મિત્રવર્તુળમાં; योगे-वियोगे = સંયોગ તથા વિયોગમાં; भवने-वनेवा = ભુવનમાં અથવા વનમાં; सदा-अपि = હંમેશાં, સર્વકાળે; समन् = સમતાવાન; अस्तु = રહે.

**● ગુજરાતી પદ્યાનુવાદ :**

સુખદુઃખમાં અરિ મિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખભોગમાં;
મમ સર્વકાળે સર્વજીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી આ દશા કરુણાનિધિ.

**● ગુજરાતી ગદ્યાનુવાદ :**

આચાર્યશ્રી ત્રિલોકનાથ - પરમાત્માને પ્રાર્થના કરે છે કે હે ભગવાન ! મારામાં સમતાભાવ પ્રગટો કે જેથી હું સંપૂર્ણપણે અહં-મમત્વભાવથી મુક્ત થઈ જાઉં. મારું મન સુખમાં, દુઃખમાં, શત્રુ અગર મિત્રમાં, સંયોગ તથા વિયોગમાં, રાજમહેલમાં અથવા વનમાં હંમેશાં સમતાભાવમાં રહે, એટલે કે રાગદ્વેષ ન થાય.

**● વિશેષાર્થ :**

આ ગાથામાં આચાર્યશ્રીએ ભગવાન પાસે 'સમતાભાવ'ની યાચના કરી. સંપૂર્ણ ચારિત્ર પ્રગટાવવાની શક્તિ માંગી લીધી છે, જેથી નિરાકુળતાની, શાંતિની, પ્રસન્નતાની પ્રાપ્તિ થાય. ''ચારિત્ર છે તે ધર્મ છે, ને ધર્મ છે તે સામ્ય છે, ને 'સામ્ય' જીવનો મોહ ક્ષોભ વિહીન નિજ પરિણામ છે.''

**- શ્રી પ્રવચનસાર ગા. ૭**

શ્રી પદ્મનંદિ પંચવિંશતિમાં સમતાભાવના નીચે પ્રમાણે પર્યાયવાચી શબ્દો કહ્યા છે,

''સામ્યં સ્વાસ્થ્યં સમાધિશ્ચ યોગો ચેતોનિરોધઃ ।
શુદ્ધોપયોગ ઈત્યતે ભવન્ત્યેકાર્થવાચકાઃ ॥''

પૂર્વે બાંધેલા કર્મો પ્રમાણે આપણને તેના ફળરૂપે પુણ્ય પાપ અનુસાર સાંસારિક સુખ-દુઃખના પ્રસંગો આવી મળે છે. શરીર, મન તથા ઈન્દ્રિયોને અનુકૂળ સંયોગો મળે તેને જીવ સુખ માને છે અને પ્રતિકૂળ સંયોગો મળે તેને દુઃખ માને છે. જે વ્યાવહારિક જીવનમાં ઉપકાર કરે તેને મિત્ર માને છે અને અપકાર કરે તેને શત્રુ માને છે. પુણ્યના ઉદયથી લક્ષ્મી, સારો પરિવાર, અધિકાર મળે તેને સુખ માને છે અને પાપના ઉદયથી બધું છીનવાઈ જવું તેને દુઃખનો સંયોગ માને છે.

ઉપરોક્ત પ્રમાણે જ્યારે શુભાશુભ કર્મોના ફળ રૂપે પ્રસંગો બને છે તે સમયે હે પ્રભુ ! મારો

'સમભાવ' રહો અને મને ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ ન થાઓ. હે પ્રભુ ! આપની કૃપાથી હું જાણું છું કે એ બધા સંજોગો ક્ષણિક છે. તેનાથી સુખદુઃખ માનવું તે માત્ર મારી અજ્ઞાનજનિત કલ્પના છે.

## આપણો સમતાભાવ દૃઢ થાય તે માટેના અવતરણો :

- સુખદુઃખ રૂપ કરમફલ જાણો,
  નિશ્ચય એક આનંદો રે,
  ચેતનતા પરિણામ ન ચૂકે,
  ચેતન કહે જિનચંદો રે.

**- યોગીરાજ આનંદઘનજી શ્રી વાસુપૂજ્ય સ્તવન**

- રાઈ માત્ર વધઘટ નહિ, દેખ્યા કેવળજ્ઞાન;
  યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ ધ્યાન.
  (આર્ત્તધ્યાન)

**- શ્રી બૃહદ્આલોચના**

- જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુઃખ રહિત ન કોય,
  જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

- હોકર સુખમેં મગ્ન ના ફૂલે
  દુઃખમેં કભી ન ઘબરાવે;
  પર્વત નદી સ્મશાન ભયાનક,
  અટવી સે નહીં ભય ખાવે;
  રહે અડોલ અકંપ નિરંતર,
  યહ મન દૃઢતર બન જાવે,
  ઈષ્ટવિયોગ, અનિષ્ટયોગ મેં
  સહનશીલતા દિખલાવે.

**- જુગલકિશોર મુખ્તાર 'મેરી ભાવના'**

- સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં,
  આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની.

**- નિયમસાર**

- समता सर्वभूतेषु संयमः शुभभावना ।
  आर्तरौद्रपरित्यागः तद्धि सामायिकं व्रतं ॥

**- શ્રી પદ્મનંદિપંચવિંશતિ**

- समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
  शीतोष्ण सुखदुःखेषु समः संगविवर्जितः ॥

**- શ્રીમદ્ ભગવદ્ગીતા**

## ઉપસંહાર

આ પ્રમાણે આચાર્યશ્રીએ ભક્તિપ્રધાન દૃષ્ટિથી કથન કર્યું છે. તેઓ મહાસમર્થ યોગીશ્વર છે છતાં પૂર્ણ સમતાની પ્રાપ્તિ માટે પ્રભુને પ્રાર્થના કરી સામાયિકમાં સ્થિરતાનો અભ્યાસ-પુરુષાર્થ કરે છે.

પ્રાર્થના એ પુરુષાર્થ અને પ્રારબ્ધ વચ્ચેનો સેતુ છે. આપણે પણ સત્પુરુષોને અનન્ય ભક્તિપૂર્વક વિનંતી કરીએ કે અમારામાં પણ 'સમતા' પ્રગટે એવી કૃપાદૃષ્ટિ કરો. અમે આપની આજ્ઞાનું પાલન કરી સત્પાત્રતા પ્રગટાવીશું. **(ક્રમશઃ)**

● ● ●

## સાધનામય જીવન

**(પાના નં. ૭ પરથી ચાલુ...)**

(૭) અણુવ્રત - મહાવ્રતનું યથાપદવી સમ્યક્પણે પાલન

(૮) વિવિધલક્ષી સહનશીલતાનો અભ્યાસ

(૯) ક્ષમા-વિનય, બ્રહ્મચર્યાદિ ઉત્તમ સદ્ગુણોનો વિકાસ

(૧૦) ત્યાગી - મુનિજીવનનો સ્વીકાર કરી વિશિષ્ટ સંયમાદિમાં પ્રવર્તન

પૂર્વાચાર્યો-પ્રણીત ચારિત્રધર્મની આરાધનાને પણ જીવનમાં યથાપદવી સ્વીકારવી જોઈએ, તો સ્યાદ્વાદની કુશળતા અને સંયમના સમન્વયથી આપણો આત્મવિકાસ જલદી જલદી થઈ શકે.

● ● ●

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૧૧મા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી 'શ્રીમદ્ ભાગવત'નું એક વચન ટાંકતા ફરમાવે છે કે "આત્મામાં રમણ કરી રહ્યાં છે, એવા નિર્ગ્રંથ મુનિઓ પણ નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે, કારણ કે ભગવાનના ગુણો એવા જ છે." (પત્રાંક-૨૭૮) ગણિશ્રી દેવચંદ્રજી આવા જ એક મહાત્મા છે જેઓ આ જ વાતને તીર્થંકર ભગવંતોના એકેક સ્તવન દ્વારા ચરિતાર્થ કરી રહ્યાં છે. એમ લાગે કે જેમ જેમ તેઓશ્રી પ્રભુના ગુણગાનમાં તલ્લીન થતાં જાય છે તેમ તેમ તેમની આત્મદશા વધુ ને વધુ ગુણવાન બનતી જાય છે અને જેમ જેમ તે ઊર્ધ્વગામી બનતી જાય છે તેમ તેમ પ્રભુના ગુણગાનમાં નવા નવા રંગો નિખરતા જાય છે. આવું જ કંઈક બની રહ્યું છે પ્રસ્તુત શ્રી શ્રેયાંસનાથ સ્તવનમાં કે જેમાં તેઓશ્રી પ્રભુના ગુણગાન પણ કંઈક નવીનતા અને મૌલિકતાથી રજૂ કરે છે, જે આપણને સ્તવનની વિચારણા દરમિયાન સમજાશે. સ્તવનની કેટલીક ગાથાના અર્થ કઠિન અને સિદ્ધાંતપ્રધાન હોવાથી આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરીજી મહારાજે 'પરમતત્ત્વની ઉપાસના'માં કરેલ વિવેચન અને તેના આધારે થયેલ પૂજ્યશ્રી રાકેશભાઈના વિસ્તૃત પ્રવચનોનું મુખ્ય અવલંબન લઈને અહીં રજૂઆત કરી છે, જેમાં મારા મૌલિક ચિંતનનો ભાગ નહીંવત્ છે એમ કહી શકાય. તો હવે શ્રી શ્રેયાંસનાથની ભક્તિ કરતા આ સ્તવનને માણીએ :

**શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્ભુત સહજાનંદ રે,**
**ગુણ એકવિધ ત્રિક પરિણમ્યો,**
**એમ ગુણ અનંતનો વૃંદ રે.**
**મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે,**
**નિત્ય દીપતો સુખકંદ રે. ૧**

**શબ્દાર્થ :** શ્રી શ્રેયાંસનાથ પ્રભુનો સહજાનંદ અત્યંત અદ્ભુત છે. તેઓ અનંત ગુણોના ભંડાર છે અને તે એક એક ગુણ ત્રણ પ્રકારે પરિણમ્યો છે. શ્રી શ્રેયાંસ જિણંદ મુનિઓમાં ચંદ્ર સમાન છે અને સૂર્યની જેમ અખંડિત નિત્ય પ્રકાશતા સુખના મૂળ (કંદ) સમાન, છે. (ત્રિક = ત્રણ પ્રકારે; વૃંદ = સમૂહ; મુનિચંદ = મુનિઓમાં ચંદ્ર સમાન; જિણંદ = જિનેશ્વર; અમંદ = કદી ઘટે નહીં તેવું; દિણંદ = સૂર્ય; પરે = ની જેમ; દીપતો = પ્રકાશતો; સુખકંદ = સુખનું મૂળિયું)

**વિશેષાર્થ :** સર્વ ઘાતી - અઘાતી કર્મોના ક્ષયથી શ્રી શ્રેયાંસનાથ પ્રભુ જે સહજાનંદ પામ્યા છે તે 'અતિ અદ્ભુત' છે. અતિ અર્થાત્ અત્યંત એટલા માટે કે તે આનંદ અનંત છે, અનંત કાળ સુધી તેનો પ્રભુ ભોગવટો કરશે. અને અદ્ભુત એટલા માટે કે તે આનંદ સહજ છે, સ્વાધીન છે, નિરાકુળ છે. બીજું, દરેક આત્મા જો કે અનંત ગુણોનો સ્વામી છે, પરંતુ પ્રભુમાં ક્ષાયિક પૂર્ણ વીતરાગતાના પ્રતાપે તે અનંત ગુણોનો વૃંદ (સમૂહ) શુદ્ધપણે પ્રગટ્યો છે, જેની વાત પહેલાના સ્તવનોમાં થઈ ગઈ છે. વળી, પ્રભુ સર્વજ્ઞતા, વીતરાગતા અને હિતોપદેશીપણાને લીધે મુનિઓમાં ચંદ્ર સમાન છે, અર્થાત્, વિષય-કષાયનો સંપૂર્ણ નાશ કર્યો હોવાથી પ્રભુને ચંદ્ર સમાન ઉજ્જવળ, શીતળ, નિરાકુળ દશા પ્રગટી છે. વળી, આ જિણંદ, જિનેશ્વરદેવ સૂર્ય સમાન તેજસ્વી, નિત્ય દીપે છે. જેમ સૂર્યનો પ્રકાશ નિત્ય અમંદ રહે છે અર્થાત્ કદાપિ મંદ થતો નથી તેમ આપનો જ્ઞાનપ્રકાશ કદાપિ મંદ થનાર નથી અને સૂર્ય જેમ નિષ્પક્ષપણે જગતને પ્રકાશે છે, તેમ પ્રભુ આખા જગતને જ્ઞાનપ્રકાશ આપનાર છે. લોગસ્સના પાઠમાં પ્રભુને આવી જ કંઈક ઉપમાઓ આપી છે ને કે *"ચંદેસુ નિમ્મલયરા આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવર*

*ગમ્ભીરા''*. આવા જિણંદ પરમાત્મા સુખના કંદ છે, સુખના મૂળિયા છે કારણ કે પ્રભુના શુદ્ધ દ્રવ્યદળમાંથી પર્યાયે પર્યાયે અનંત સુખ નિરંતર નીકળે છે, જેનો પ્રભુ સ્વયં અનુભવ કરીને પરમ તૃપ્ત દશામાં રહે છે.

**''ગુણ એક વિધ ત્રિક પરિણમ્યો''** - પ્રભુના અનંત ગુણોમાંથી એકેક મુખ્ય ગુણ લઈને તે કઈ ત્રણ રીતે પરિણમે છે તે હવે પછીની ગાથાઓમાં સ્પષ્ટ થશે અને એ રીતે ગણિશ્રી કઈ રીતે પ્રભુના ગુણગાનમાં નવીનતા લાવે છે તે આપણે જોઈ શકીશું.

**નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશ રે;**
**દેખે નિજ દર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશ રે.**

**– મુનિચંદ્ર૦ ૨**

**શબ્દાર્થ :** પ્રભુ પોતાના કેવળજ્ઞાન વડે સર્વ જ્ઞેયના જ્ઞાયક એવા જ્ઞાતાપદે બિરાજમાન ઈશ, ઈશ્વર છે. પોતાના કેવળદર્શન વડે દશ્ય એવા પોતાના સામાન્ય સ્વરૂપને જોનારા જગદીશ છે. (ઈશ = ઈશ્વર; દશ્ય = જોવામાં આવતી વસ્તુઓ તેમ જ નિજાત્મા; જગીશ = જગદીશ, જગતનો ઈશ્વર)

**વિશેષાર્થ :** પહેલી ગાથામાં ગણિશ્રીએ જે કહ્યું હતું કે ''ગુણ એક વિધ ત્રિક પરિણમ્યો'' - તેનું અહીં જ્ઞાન અને દર્શન ગુણથી શરૂ કરીને સ્પષ્ટીકરણ થશે કે કઈ ત્રણ રીતે પ્રભુના ગુણ પરિણમે છે. પરિણમવું એટલે આત્માનું કર્તાપણું, જે આચાર્યશ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી તેમના વિવેચનમાં મૌલિકપણે ત્રણ કારક દ્વારા રજૂ કરે છે - કરણ, ક્રિયા અને કાર્ય. 'કરણ' એટલે કારણ, સાધન, હેતુ. 'ક્રિયા' એટલે જે તે ગુણના પ્રવર્તનરૂપ, પ્રવૃત્તિરૂપ વીર્યના સહકારથી થતી સ્ફુરણા અને 'કાર્ય' એટલે તે કરણનું સાધ્ય ફળ. આ ત્રણેય વસ્તુ પ્રભુના શુદ્ધાત્મામાં જ બની રહી છે, જે સિદ્ધ અવસ્થામાં પણ ચાલુ રહે છે કારણકે ત્યાં આત્મા કંઈ કૂટસ્થ નથી થતો પરંતુ પોતાના સ્વભાવનું કર્તાપણું નિરંતર રહે છે. હવે જ્ઞાન-દર્શન ગુણને લઈને આ 'ત્રિકપણું' કઈ રીતે આ ગાથામાં છે તે જોઈએ.

પ્રભુના જ્ઞાન (કેવળજ્ઞાન) ગુણનું ગુણગાન કરતાં ગણિશ્રી ફરમાવે છે, **''નિજ જ્ઞાને કરી જ્ઞેયનો જ્ઞાયક જ્ઞાતાપદ ઈશ રે.''** જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કરી જ્ઞાતાપદે બિરાજમાન ઈશ, ઈશ્વર, પરમાત્મસ્વરૂપ એવો શ્રી શ્રેયાંસ પ્રભુનો સાધક આત્મા જ્ઞાનગુણ (કેવળજ્ઞાન) એ 'કરણ' અર્થાત્ સાધન વડે તે જ્ઞાનગુણના પ્રવર્તનરૂપ 'ક્રિયા' દ્વારા જગતના સમસ્ત સ્વ-પર જ્ઞેય પદાર્થોનું જ્ઞાન કરે છે, તે જ્ઞાનગુણનું 'કાર્ય' થયું, અર્થાત્ જ્ઞાનગુણ ફલાન્વિત થયો. આમ ગુણ-કરણ, તેની ક્રિયા અને તેનું કાર્યરૂપી ફળ આ ત્રણેય ઘટના પ્રભુના શુદ્ધ આત્મદ્રવ્યદળમાં યુગપત્ બની રહી છે. આ જ રીતે દર્શનગુણનું સમજવું. **'દેખે નિજ દર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશ રે.'** દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય કર્યો છે એવા જગીશ, જગદીશ, શ્રી શ્રેયાંસનાથ કેવલ-દર્શનગુણને 'કરણ' અર્થાત્ કારણ અથવા સાધન બનાવી તે ગુણની પ્રવર્તનરૂપ 'ક્રિયા' દ્વારા દશ્ય એવા નિજાત્મા અને જગતના સમસ્ત પદાર્થોના સામાન્ય સ્વરૂપને જોવારૂપ 'કાર્ય' કરે છે. બીજા અર્થમાં સ્વ-પરના અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણોને પ્રભુ જુએ છે. પ્રભુના દર્શન ગુણનું કાર્ય આપણે શ્રી શીતલનાથ ભગવાન સ્તવન - ગાથા-૪માં જોઈ ચૂક્યા છીએ. પ્રભુનું આ ત્રિવિધપણે કર્તાપણું જે આ સ્તવનમાં ત્રણ કારક દ્વારા રજૂ થયું છે, તેને પૂજ્યશ્રી રાકેશભાઈએ 'છ પદના પત્ર'માં દર્શાવેલ ત્રણ નયથી કર્તાપણા સાથે સુયોગ્ય રીતે સરખામણી કરી છે. ત્યાં ''પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે'' તે નિશ્ચયનયથી પ્રભુના કર્તાપણાની વાત આ સ્તવનમાં વિવિધ ગુણો દ્વારા લેવામાં આવી છે. તે ત્રણ કારક પ્રભુના બીજા ગુણોમાં કઈ રીતે ગર્ભિત છે તે હવે પછીની ગાથાઓમાં જોઈએ :

**નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામ રે;**
**ભોગ્ય અનંતને ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામ રે.**

**– મુનિચંદ્ર૦ ૩**

**શબ્દાર્થ :** પ્રભુ ચારિત્રગુણથી નિજસ્વરૂપમાં રમણ કરતા રમતા રામ છે અને ભોગ-ગુણથી ભોગ્યરૂપ અનંત જ્ઞાનાદિ ગુણોવાળા આત્મસ્વરૂપને ભોગવે છે, માટે તેના ભોક્તારૂપ સ્વામી છે.

**વિશેષાર્થ :** હવે અહીં ચારિત્ર તથા ભોગગુણની વાત છે. યોગીશ્વર આનંદઘનજીએ કહ્યું છે કે **"નિજપદ રમે રામ સો કહિયે"** - સ્વરૂપમાં રમે તે રામ. મોહનીય કર્મના ક્ષય દ્વારા પ્રભુને ક્ષાયિક ચારિત્રગુણ પ્રગટ્યો છે, તે 'કરણ' છે. તેની પ્રવર્તનરૂપ 'ક્રિયા'થી પ્રભુમાં નિરંતર સ્વ સાથે જોડાયેલા રહેવાનું 'કાર્ય' થઈ રહ્યું છે. આમ, પ્રભુ અસ્ખલિતપણે સ્વમાં રમણતા કરી રહેલા 'રમતા રામ' છે ! ત્યારબાદ, અંતરાયકર્મમાં પણ ભોગાંતરાય કર્મના ક્ષયથી પ્રભુને જે ભોગગુણ પ્રગટ્યો છે, તે 'કરણ' બની તેની ભોગવવાની પ્રવૃત્તિરૂપ 'ક્રિયા' થી ભોગ્યરૂપ જે આત્મસ્વરૂપ, અનંત જ્ઞાનાદિ ગુણો, તેને ભોગવે છે. આમ પ્રભુ માત્ર જ્ઞાતા, દૃષ્ટા જ નહીં પરંતુ ભોક્તા પણ છે. જ્ઞાન, આનંદ આદિ અનંત પરિપૂર્ણ શુદ્ધ ગુણોનો ભોગવટો પણ એવો માણે છે કે સદાકાળને માટે પરિતૃપ્ત રહે છે. અહીં ઉપલક્ષથી ઉપભોગ ગુણનું કાર્ય પણ સમજી લેવું કે ઉપભોગાંતરાય કર્મના ક્ષયથી પ્રભુ પર્યાયે પર્યાયે એ જ જ્ઞાનાનંદ આદિનો ફરી ફરી ઉપભોગ કરે છે. હવે આગળ કયા ગુણની વાત શ્રી દેવચંદ્રજી કરે છે તે જોઈએ :

**દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયમેવ રે;**
**પાત્ર તુમ્હે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે.**
**— મુનિચંદ૦ ૪**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ સ્વયમેવ 'અતિદાતા', અત્યંત દાતા છો કે જે નિત, સદાય પોતાના વીર્યગુણનું 'દાન' સર્વ ગુણોને કરી તે ગુણોને કાર્યાન્વિત કરે છે. તેથી સર્વ ગુણો તે લાભ લેનાર 'દેય' છે. તેમ જ હે પ્રભુ ! આપ નિજ આત્મશક્તિના પાત્ર છો, આધાર છો તેમ જ આપ ગ્રાહક અને વ્યાપકમય દેવ છો. (દેય = દાન લેનાર; નિત = નિત્ય, સદા; દીજતે = આપો છો; પાત્ર = આધાર; ગ્રાહક = ગ્રહણ કરનાર; વ્યાપક = જેમાં અન્ય વસ્તુ વ્યાપે છે તે)

**વિશેષાર્થ :** હવે દાનાંતરાય કર્મના ક્ષયથી પ્રભુને જે અનંત દાન ગુણ પ્રગટ્યો છે તેની વાત શ્રી દેવચંદ્રજી કરે છે. વીર્યગુણ તે સર્વ ગુણોને સ્ફૂરણા કરવામાં સહકાર આપે છે તેથી તે 'દાતા'. દાનગુણ કારણ બનીને, વીર્યગુણના સહકારથી સ્ફુરિત થઈ તેની દાનરૂપ 'ક્રિયા'માં પ્રવૃત્ત થઈ બીજા સર્વ ગુણોને વીર્યના સહકારરૂપ દાન કરે છે. સર્વ ગુણો આ રીતે લાભ લેનાર હોવાથી 'દેય' છે. જે આપે તે દાતા અને જે લાભ લે તે દેય કહેવાય છે. સર્વ કર્મક્ષયથી પ્રભુ સ્વયંસિદ્ધ હોવાથી પરદ્રવ્યો સાથે તો લેવા-દેવાની વાત જ રહી નથી. આમ, પ્રભુ સ્વયમેવ દેય, દાન અને દાતા છે. બીજી રીતે જોઈએ તો પ્રભુને 'અતિ દાતા' એટલા માટે કહ્યાં કે પ્રભુનું દ્રવ્યદળ હવે અનંત શુદ્ધ ગુણોનું દાન પ્રતિસમય પર્યાયને કરે છે. અને એવું નિરંતર અનંત કાળ સુધી થતું રહેશે ! પ્રભુની પર્યાયને આમ પ્રતિસમય પ્રભુના શુદ્ધ ગુણોનો લાભ મળતો રહેશે તેથી તે દાન લેનાર 'દેય' અને પ્રભુ 'દાતા' અને પર્યાયને શુદ્ધ ગુણોનું 'દાન' - એ રીતે દેય, દાન અને દાતાની ઘટના સ્વયમેવ પ્રભુમાં જ થઈ રહી છે. ખરેખર તો પ્રભુ સિદ્ધ અવસ્થામાં બિરાજમાન થયા પછી જ્ઞાતા- જ્ઞાન - જ્ઞેય કે ભોક્તા - ભોગ - ભોગ્ય કે દરેક ગુણોનું કરણ - ક્રિયા - કાર્યરૂપ ત્રિવિધપણું તે પરમાર્થથી તો એકરૂપ થઈ પ્રભુના દ્રવ્યદળમાં જ બનતી ઘટના છે.

પ્રભુના ગુણગાન કરતાં આગળ કહે છે, **"પાત્ર તુમ્હે નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવ રે."** હે પ્રભુ ! આપ નિજ આત્મશક્તિના પાત્ર, અર્થાત્ આધાર છો. વળી, જગતના સમસ્ત દ્રવ્ય,

ગુણ અને તેની ત્રિકાળી પર્યાયોને જેમ છે તેમ પ્રભુ પોતાના કેવળજ્ઞાનમાં ગ્રહણ કરનાર ગ્રાહક છે. જ્ઞાનાદિ અનંત ગુણો પ્રભુમાં વ્યાપ્ત છે અને પ્રભુ વ્યાપક છે. બીજી રીતે, લોકાલોક સર્વ પ્રભુના કેવળજ્ઞાનમાં વ્યાપ્ત છે અને પ્રભુ વ્યાપક છે. આમ વ્યાપ્ત-વ્યાપક સંબંધ જાણવો. પ્રભુનું આવું ગ્રાહકપણું અને વ્યાપકપણું એમ સૂચવે છે કે પ્રભુ સિદ્ધ થયા પછી પણ કૂટસ્થ નથી પણ અનંત ગુણોના કર્તા-ભોક્તારૂપ સહજાનંદમય પરિણમન-શીલ છે.

પ્રભુનું આવું કર્તૃત્વપણું અને બીજા વિશિષ્ટ ગુણોનું આલેખન કરતાં દેવચંદ્રજી હવે કહે છે :

**પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથ રે;**
**અક્રિય અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી આથ રે.**
**— મુનિચંદ○ ૫**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ પરિણામિક કાર્યના કર્તા છો અને (શુદ્ધ આત્મિક) ગુણોને કરણ બનાવી તેનો ભોગવટો કરનાર નાથ છો. વળી, આપ અક્રિય અક્ષય સ્થિતિવાળા છો, નિષ્કલંક છો અને અનંતી જ્ઞાનાદિ સંપત્તિના સ્વામી છો. (પરિણામિક કારજ = શુદ્ધ સ્વભાવના પ્રગટવારૂપ કાર્ય; અક્રિય = ક્રિયા રહિત; નિકલંક = કર્મકલંકથી સર્વથા રહિત; આથ = સંપત્તિ)

**વિશેષાર્થ : ''પરિણામિક કારજ તણો કર્તા''** - પરિણામિક કાર્યની એટલે 'પરિણામિક ભાવ' જે દરેક જીવમાં 'જીવત્વ' રૂપે હાજર જ છે. પરંતુ પ્રભુ સર્વથા કર્મથી નિરાવરણ થયા હોવાથી તેમને તે શુદ્ધ ચેતનારૂપે પ્રગટ છે અને તેથી પ્રભુ જ તેના કર્તા કહી શકાય. આપણે સંસારી જીવનો તે શુદ્ધ સ્વભાવ કર્મોથી આવરિત અપ્રગટ છે, તેથી તેનો કર્તા ન કહી શકાય. વળી કહ્યું કે ''ગુણ કરણે નાથ''. પ્રભુને પૂર્ણ શુદ્ધ સ્વભાવ પ્રગટ્યો હોવાથી જ્ઞાન, અવ્યાબાધ સુખ આદિ ગુણો પણ 'કરણ' બનીને પોતપોતાની યથાવત્ ક્રિયા કરે છે. જ્ઞાનગુણ દ્વારા સમસ્ત જ્ઞેયોને જાણવારૂપ કાર્ય અથવા ફળ, સુખ અથવા આનંદ દ્વારા નિરાકુળ સુખ ભોગવવારૂપ કાર્ય અથવા ફળ - એમ અનંત 'ગુણ કરણ' વડે પ્રભુ જે તે ગુણનું ફળ ભોગવે છે, એવું સ્વામિત્વ ધરાવતા હોવાથી તેમને નાથ કહ્યા. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ તો કહ્યું જ છે ને કે :

''અથવા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.''
(શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૧૨૨)

કેવું આ આશ્ચર્યકારક છે શ્રી શ્રેયાંસ પ્રભુનું સ્વરૂપ, કે પોતાના અનંત ગુણોનું સ્વામીપણું અને તેનું જ કર્તા-ભોક્તાપણું ! કર્તા-કારણ-ક્રિયા-કાર્ય, ગુણોનો ખજાનો, તેનું પ્રવર્તન અને તેનો ભોગવટો - બધું કોઈપણ પરાવલંબન વિના સ્વાધીન ! અને તેથી જ તેમને અનંત સંપત્તિનું સ્વામીપણું બીજી પંક્તિમાં કહે છે તે જોઈએ.

**''અક્રિય, અક્ષય સ્થિતિમયી, નિઃકલંક અનંતી આથ રે''** શ્રી શ્રેયાંસનાથ અત્યારે જે સિદ્ધપદે છે તેના આ લક્ષણો છે. પ્રભુ અક્રિય છે કારણ કે મન, વચન, કાયાની ક્રિયા હવે રહી નથી. (ઉપર જે બધી સક્રિયતાની વાત આવી તે પોતાના પરિણામના કર્તા-ભોક્તાપણાની હતી, કારણકે આત્માનો પરિણમનશીલ સ્વભાવ સિદ્ધપદમાં પણ રહે છે. અક્રિયતા પરદ્રવ્યની અપેક્ષાએ છે.) અક્ષય — આયુકર્મના ક્ષયથી હવે કદાપિ સિદ્ધ અવસ્થાનો ક્ષય નહીં થાય, એવી ''અક્ષય સ્થિતિમય'' દશા પ્રાપ્ત થઈ છે. નિઃકલંક — પ્રભુને હવે કોઈ કર્મોનું કલંક નથી કારણ કે કર્મો લાગવાના કારણો એવા મોહ, રાગ, દ્વેષ, અજ્ઞાનનો પણ પ્રભુએ સર્વનાશ કર્યો છે અને તેથી ''અનંતી આથ'' - અનંત ગુણોની સંપત્તિને પ્રભુ અનંતકાળ સુધી ભોગવશે.

હવે પછીની ગાથામાં પ્રભુના ગુણગાનને શ્રી દેવચંદ્રજી વધુ આગળ વધારશે અને ત્યારબાદ તેનાથી ભક્તને જે ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તેની વાત કરશે, જે યથાવસરે વિચારીશું. **(ક્રમશઃ)**

# આત્માની અભાવ-અભાવશક્તિ (૩૮)

**વલભજી હીરજી 'કેવલ'**

આ દેહથી ભિન્ન આત્માના સ્વભાવમાં અનંત શક્તિ છે. તે બધી શક્તિમાં જ્ઞાનભાવ વ્યાપેલો છે. તેથી આત્મા જ્ઞાનમાત્ર છે. જ્ઞાનથી વ્યાપ્ત જેટલા ભાવો છે તેટલો આત્મા છે. જ્ઞાનથી ખાલી ને રાગથી વ્યાપ્ત એવા જે કોઈ ભાવો છે તે આત્મા નથી. આવું ભેદજ્ઞાન થતાં આત્માના પરિણમનમાં જે નિર્મળ ભાવો ઉલ્લસે છે તેનું આ વર્ણન છે. ધર્મીએ જ્ઞાન લક્ષણ વડે પોતાના અંતરમાં જે ચિન્માત્ર આત્મા અનુભવમાં લીધો તેમાં એવું અભાવ - અભાવપણું છે કે કર્મ વગેરેનો તેનામાં વર્તમાન પણ અભાવ છે ને સદાકાળ અભાવ રહેશે. આત્માના સ્વભાવમાં જે અભાવરૂપ છે તે સદાકાળ અભાવરૂપે જ રહેશે. તેનો કદી ભાવ નહીં થાય. આત્મશક્તિમાં જેનો ત્રિકાળ અભાવ છે તે શરીરાદિ સદા અભાવરૂપ જ રહેશે. કદી ભાવરૂપ નહીં થાય.

જડ ભાવે જડ પરિણે, ચેતન ચેતન ભાવ;<br>
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.<br>
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;<br>
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ?<br>
**(શ્રીમદ્ રાજચંદ્ર)**

આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં કર્મના ને શરીરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો અભાવ છે. અત્યારે ને ત્રણે કાળે અભાવ છે. અભાવ-અભાવ શક્તિનું કાર્ય એવું છે કે ત્રિકાળમાં ને વર્તમાનમાં બંનેમાં પરભાવોની નાસ્તિ રાખે છે. વર્તમાનમાં શુદ્ધતાના વેદન વગર ત્રિકાળી શુદ્ધ સ્વભાવ શ્રદ્ધામાં આવી શકે નહિ. વર્તમાન સહિત ત્રિકાળ શુદ્ધ આત્માની પ્રતીત વગર શુદ્ધાત્માની સાચી શ્રદ્ધા થાય નહિ. ને શુદ્ધાત્માની શ્રદ્ધા વગર સાચું તત્ત્વાર્થશ્રદ્ધાન થાય નહિ. એટલે કે મોક્ષનો માર્ગ હાથ આવે નહિ. પોતાના પૂર્ણ સામર્થ્ય વડે શુદ્ધતાને રચે એવો આત્માનો સ્વભાવ છે. આવા પૂર્ણ સ્વભાવવાળો આત્મા જ ઉત્તમ શરણ છે. વિકારભાવ તે શરણરૂપ કે સારરૂપ નથી.

રાગને અને જ્ઞાનને કારણ-કાર્યપણું નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા જ્યાં રહ્યો હોય ત્યાં રાગાદિના અભાવ સ્વભાવે જ રહ્યો છે. નિશ્ચય દૃષ્ટિ વડે આવા આત્માને અનુભવમાં લેતા સમ્યગ્દર્શન થયું. સમ્યગ્દર્શન થતાં ધર્મીને ભવનો નાશ થયો ને એકલો સ્વભાવભાવે પરિણમતો આત્મા રહ્યો. તે સ્વભાવરૂપે પરિણમતો-પરિણમતો કેવળજ્ઞાનરૂપ થઈ જશે. તે પરિણમનમાં રાગનો અભાવ થયો ને અભાવ જ રહેશે.

• • •

## સુતરને તાંતણે આઝાદી

**- સુમંતભાઈ મં. શાહ**


મોહન ગાંધીની ઉપલબ્ધિ શું ? મજાલ શું ?<br>
મોહન ગાંધીની આધ્યાત્મિકતા.<br>
તેની પ્રતીતિનો પાયો...<br>
સ્વ ને પરમમાં ભક્તિ, નિષ્ઠા ને શ્રદ્ધાશક્તિ.<br>
તેમનાં સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ,<br>
અભય, અસ્વાદ, સર્વધર્મસમભાવ, અસ્પૃશ્યતા નિવારણ,<br>
સ્વદેશીને શરીરશ્રમ નિયોજતાં એકાદશવ્રત !!!<br>
મોહન ગાંધીએ જીવી જતાવ્યા સતત,<br>
સત્યના પ્રયોગો કરી બતાવ્યાં અનંત,<br>
આચરણમાં ગાંધીએ ઉતાર્યા નિતાંત,<br>
એ મોહનની મહામાનવ ભણી મજલ,<br>
પોંખાયા તેથી ગાંધી મહાત્મા !!!<br>
જનજનના દિલદિમાગ તરબતર કરી,<br>
ચેતના જગવી લોકનેતા ભણી પ્યાર જ્યોત જલાવી,<br>
શાસનધુરા છોડાવી અંગ્રેજોને પરત સ્વદેશે મોકલી,<br>
આણી આપી આઝાદી સુતરને તાંતણે ન્યારી,<br>
પોંખાયા તેથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી.

# પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનીલસાગરજી મહારાજ (સસંઘ)ના પાવન સાન્નિધ્યમાં સંસ્થામાં સંત સમાગમનો અનેરો મહોત્સવ


(તા.૧૫-૧૧-૨૦૧૮ થી તા. ૨૪-૧૧-૨૦૧૮)



ભવ્ય પ્રવેશ



સ્વાધ્યાય



પૂજ્યશ્રી સાથે



## શાસ્ત્ર અર્પણ

## મુનિસંઘ






## આર્યિકા માતા

## આરતી






કેશલોચ



'जैन धर्म जानिये' પુસ્તક વિમોચન



સંસ્થાના ટ્રસ્ટીગણ/ કાર્યકર્તાઓને સંબોધન



સંસ્થાના કર્મચારીઓને સંબોધન



## આહારવિધિ

## આભારવિધિ






## પ્રતિભાવ




## રંગોળી



# મુન્યાચાર (સકલચારિત્ર)
(ક્રમાંક - ૪)

બા.બ્ર. સુરેશજી

(૪) **ઉત્તમ શૌચધર્મ :** ઈષ્ટ આહાર પ્રાપ્તિ સંબંધી લોભ, તપસ્યાથી ઋદ્ધિ આદિની પ્રાપ્તિ સંબંધી લોભ, જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર લાલસાથી ઉત્પન્ન અકાળમાં પણ અધ્યયન સંબંધી લોભ, શીઘ્ર કેવળજ્ઞાન પ્રાપ્તિ સંબંધી લોભ ઇત્યાદિ ઉત્પન્ન થતાં **લોભથી કોઈ વસ્તુ પ્રાપ્ત થતી નથી, માત્ર વ્યાકુળતા જ પ્રાપ્ત થાય છે. મારો સ્વભાવ પરમ પવિત્ર નિર્લોભી છે**; આ વાસનાઓ મને અપવિત્ર કરનારી છે એવો તત્ત્વનિર્ણય કરીને કોઈ પણ પ્રકારની વાસનાની જરા પણ સંભાવના લાગે કે પોતાના પરિપૂર્ણ સંતોષ સ્વભાવમાં તૃપ્ત રહેવાનો જે ભાવ તે ઉત્તમ શૌચ ધર્મ છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે પોતામાં જ પરિતૃપ્તિરૂપ સંતોષગુણની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ શૌચધર્મ કહે છે.

(૫) **ઉત્તમ સત્યધર્મ :** મુનિ અસત્ય વચનનો આશ્રય લઈને પોતાના ઉપર આવેલ ઘોર ઉપસર્ગથી બચી જતો હોય કે અસત્યવચનના આશ્રયથી લોકનિંદા અને ગુરુની નજરમાંથી પડતા બચી જતો હોય કે તેના એક અસત્યવચનથી કોઈ તેના આશ્રિત કે પ્રિયજનને બહુ મોટો લૌકિક લાભ થતો હોય એવો કોઈ પણ અવસર આવવા છતાં પણ મુનિ અસત્યવચનનો આશ્રય ન લઈને એવા તાત્ત્વિક ચિંતનનો આશ્રય કરે છે કે, **'આજ સુધી અસત્યથી કોઈનું ભલું થયું નથી. જો કદાચિત ક્યારે કોઈના અસત્યથી તેને કે અન્યને કાંઈક લાભ થતો દેખાય તો તે અસત્યના કારણે નહીં પરંતુ તેના પૂર્વના પુણ્યના ઉદયથી થાય છે. અસત્યથી તો એકાંતે પાપ જ થાય છે અને જગતના તુચ્છ લાભ માટે પોતાના સત્યસ્વભાવરૂપ આત્માનો ઘાત કરવો યોગ્ય નથી.'** એવો તત્ત્વનિર્ણય કરીને પોતાના સત્યધર્મમાં મરણાન્ત સુધી દૃઢ રહેવું તે સાધુનો ઉત્તમ સત્યધર્મ છે અથવા પોતાના સાધર્મીઓની સાથે નિર્દોષ, મિષ્ટવચનયુક્ત તત્ત્વચર્ચા કરવી તે ઉત્તમસત્યધર્મ છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે સત્યસ્વભાવની અભિવ્યક્તિ થાય છે તે ઉત્તમ સત્યધર્મ છે.

(૬) **ઉત્તમ સંયમધર્મ :** ભીષણ ગરમી કે અસહ્ય ઠંડી લાગતા, કોઈ સ્ત્રીનું મનોહર રૂપ દેખતા, આહાર સમયે પોતાની મનભાવતી વસ્તુનો યોગ થતાં, મનગમતા સુગંધિત પદાર્થનો સહજ યોગ થતાં, નયનપ્રિય કોઈ દૃશ્ય દેખતા, કર્ણપ્રિય સંગીત કે પ્રશંસાસૂચક શબ્દ સાંભળતાં કે મનમાં પૂર્વે ભોગવેલ ભોગોનું સ્મરણ થતાં ઉપરોક્ત પ્રકારે પાંચે ઇન્દ્રિયો અને મન વિષયભોગની ઇચ્છાથી ચંચળ થાય તેવા સમયે **'આ વિષયોમાં પ્રવૃત્તિ કરવી મારા મુનિજીવનને યોગ્ય નથી. મનથી વિષયોનું પોષણ અને ચિંતન કરવું તે પણ મર્યાદાનું ઉલ્લંઘન છે તો પછી તેમાં પ્રવૃત્તિ કરવી તે તો મહાનિંદ્ય તથા મહાપાપનું કારણ છે. ભોગની ઇચ્છા થાય તો ભલે થાય પરંતુ હું તેનું પોષણ કરીશ નહીં** એમ તત્ત્વવિચાર કરીને પોતાના સ્વભાવની મર્યાદાનું ભાન કરીને પોતાના સંયમધર્મમાં દૃઢ રહેવું તે મુનિનો ઉત્તમ સંયમધર્મ છે અથવા ષટ્કાય જીવોની વિરાધનાથી બચવામાં તત્પર રહેવું તે પણ ઉત્તમ સંયમધર્મ છે અથવા અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે પોતાના સ્વભાવની મર્યાદામાં રહેવાની શક્તિરૂપ

સંયમગુણની અભિવ્યક્તિ થાય છે તે ઉત્તમ સંયમ કહેવાય છે.

**(૭) ઉત્તમ તપધર્મ :** મુક્તિનું અનન્ય કારણ સંવરપૂર્વકની નિર્જરા છે. નિર્જરાનું મૂળ સાધન સમ્યક્તપ છે. તપનું સ્વરૂપ આત્મામાં જે વાસનાઓના સંસ્કાર દ્રવ્યકર્મોના રૂપમાં પડ્યા છે તે ઉદયમાં આવે તે પૂર્વે જ ફલદાન શક્તિથી રહિત કરીને નષ્ટ કરવારૂપ છે. તેનું મૂળ સાધન **'હવે મારે દેખેલા, સાંભળેલા, ભોગવેલા કે ન દેખેલા, ન સાંભળેલા અને ન ભોગવેલા કોઈ પણ ભોગ ભોગવવાની ઈચ્છા નથી, એવો મનમાં દઢ સંકલ્પ કરવો તે** છે અને તેનું ફળ બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક મનની ઈચ્છાઓથી ઉત્પન્ન આત્માની ક્ષોભરહિત નિસ્તરંગ - નિરાકુળ શાંતિની અનુભૂતિ છે એવું તત્ત્વચિંતન કરીને ઈચ્છાઓનો નિરોધ જેનું મૂળ ધ્યેય છે એવા અનશનાદિ ૧૨ પ્રકારના તપોમાં ઉત્સાહપૂર્વક અનુરક્ત થવું તે મુનિનો ઉત્તમ તપધર્મ છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે ઈચ્છાનિરોધ કરવાની શક્તિરૂપ તપગુણની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ તપ કહે છે.

**(૮) ઉત્તમ ત્યાગધર્મ :** આહાર-વિહાર આદિના સમયે કોઈ નિમિત્ત કે સંયોગથી વિષયો અને કષાયોને પોષણ મળતું હોય તેવા સમયે મુનિ દ્વારા ઉપયોગને ત્યાંથી હટાવી લેવો કે તત્ત્વભાવનાથી પ્રશમન કરવો કે તે નિમિત્તનો ત્યાગ કરવો કે જેના કારણે વિષયકષાય પોષિત થતા હોય, તેને મુનિનો ઉત્તમ ત્યાગધર્મ કહે છે અથવા **નિષ્કામભાવથી કરુણાબુદ્ધિપૂર્વક ભવ્યજીવોને તત્ત્વોપદેશ આપવો તે ઉત્તમ ત્યાગધર્મ છે** અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે વિષય-કષાયોના ત્યાગ કરવાની શક્તિરૂપ ત્યાગગુણની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ ત્યાગ કહે છે.

**(૯) ઉત્તમ આકિંચન્યધર્મ :** પીંછી, કમંડળ, ગ્રંથવિશેષ, પોતાનો શિષ્ય સમુદાય, થોડા વિશિષ્ટ શ્રાવક-સાધર્મીઓ, પોતાના શરીર આદિ પ્રત્યે જ્યારે મુનિને કિંચિત્‌માત્ર પણ મમત્વભાવ થવાની સંભાવના લાગે તે સમયે **હું આનાથી સર્વથા ભિન્ન છું, આ જગતમાં કોઈ કિંચિત્‌માત્ર પણ મારું ક્યારેય થઈ શકે નહીં, હું સર્વ પ્રકારથી અકિંચન છું. જ્યારે વચન, મન આદિ પણ મારા નથી તો પછી અન્ય દેહાદિ કેવી રીતે મારા થઈ શકે ? હું સર્વ પરદ્રવ્યોથી રહિત એક જ્ઞાયક માત્ર છું** એમ તત્ત્વચિંતન કરીને પોતાના નિર્મમત્વભાવમાં સ્થિર રહેવું તે મુનિનો આકિંચન્યધર્મ છે અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ ત્રણ કષાયના અનુદયથી આત્મામાં જે પરદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વભાવની અભિવ્યક્તિ થાય છે તેને ઉત્તમ આકિંચન્ય કહે છે.

**(૧૦) ઉત્તમ બ્રહ્મચર્યધર્મ :** અંતરંગમાં વેદોદય થતાં અને બહારમાં સ્ત્રી આદિના નિમિત્તથી જ્યારે મુનિને મનમાં કામ-વિકાર ઉત્પન્ન થવાની સંભાવના લાગે તેવા સમયે **'આ કામ વિકાર મારા આત્માને કલુષિત અને વ્યાકુળ કરનાર છે, તે દુઃખના મૂળ છે, મારું મૂળ સ્વરૂપ નિર્વિકારી છે, કામવિકાર થતા આત્મા અને શરીરમાં જે રોમાંચ અને સુખાભાસ થાય છે તે વાસ્તવમાં તીવ્ર મીઠું ઝેર છે કે જે સંપૂર્ણ આત્મપ્રદેશો તથા દેહના પ્રદેશોમાં ફેલાઈને મારા નિર્વિકારી શુદ્ધ જ્ઞાનતંતુઓને મૂર્છિત કરી દે છે અને સ્વયંને અમૃતતુલ્ય અનુભવ કરાવડાવે છે'** એમ તત્ત્વવિચાર કરીને કામભાવોને હાથ પર ચઢી ગયેલ વીંછીની જેમ તરત જ ઉપયોગમાંથી ત્યાગીને પોતાના નિર્વિકારી બ્રહ્મસ્વરૂપમાં સ્થિતિ કરવી તે મુનિનો ઉત્તમ બ્રહ્મચર્યધર્મ છે અથવા અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય મોહનીયકર્મ, આ

ત્રણ કષાયના અનુદયથી આત્મામાં કામભોગો પ્રત્યે આત્યંતિક અનાસક્તિરૂપ બ્રહ્મચર્યશક્તિની અભિવ્યક્તિને ઉત્તમ બ્રહ્મચર્ય કહે છે.

## દ્વાદશ અનુપ્રેક્ષા ચિંતન

મુનિનું મન સંસારની વિષય-વાસનાઓથી વિરક્ત થઈને સદાય પવિત્ર રહે એટલા માટે તેને સદાય વૈરાગ્ય અને પવિત્રતાની જનની એવી અનિત્યાદિ દ્વાદશ ભાવનાઓના અનુપ્રેક્ષણની શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞા છે. આ બાર ભાવનાઓનાં અવલંબનથી મુનિઓનું મન સદાય નિર્ભય અને નિરાકુળ રહે છે.

**(૧) અનિત્ય ભાવના :** આ શરીર, ઇન્દ્રિયશક્તિ, સત્સંગનો યોગ, મનના સંકલ્પ - વિકલ્પ, શાતા - અશાતા ઇત્યાદિ સમસ્ત સાંયોગિક વસ્તુઓ વિનાશિક છે, તે સદાય મારી સાથે રહેશે નહીં માટે તેમનો વિશ્વાસ કરીને આશ્રય કરવો તે દુઃખકારી છે. મારો જ્ઞાન - દર્શન સ્વભાવ સદાય મારી સાથે રહેશે. **આ વિનશ્વર જગતમાં મારો જ્ઞાન - દર્શન સ્વભાવ જ એક શાશ્વત વસ્તુ છે, તેના જ વિશ્વાસ અને આશ્રયથી શાશ્વત સુખની અનુભૂતિ થશે** એમ ચિંતન કરતાં વિનશ્વર પર્યાયો પરથી દૃષ્ટિ હટાવીને પોતાના સહજ શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવમાં દૃષ્ટિ અને સ્થિરતાની ભાવના કરવી તે મુનિની અનિત્યાનુપ્રેક્ષા છે.

**(૨) અશરણ ભાવના :** જેવી રીતે કોઈ ઘનઘોર વનમાં સિંહ દ્વારા કોઈ હરણ પકડાઈ જતા તે સિંહના પંજામાંથી તેને છોડાવવા કોઈ સમર્થ નથી તેવી રીતે કાળરૂપી સિંહ દ્વારા જકડેલા મને મૃત્યુથી બચાવનાર આ જગતમાં કોઈ સામર્થ્યવાન નથી. ન પરિજન, ન રાજા, ન વૈદ્ય, ન ગુફા આદિ સુરક્ષિત સ્થાન, ન મંત્ર - તંત્ર, ન દેવ આમાંથી કોઈ મને શરણરૂપ નથી. **એકમાત્ર જિનેન્દ્રદેવ દ્વારા પ્રતિપાદિત - તાત્ત્વિક ધર્મચિંતન જ મને મૃત્યુના ભયથી મુક્ત કરી શકે છે.** તે આ પ્રકારે કે, 'જો મૃત્યુ અવશ્યંભાવી છે તો તેનાથી ડરવું કેમ ? આખરે આ મૃત્યુ છે શું ? માત્ર શરીર અને આત્માનું થોડા ક્ષણો માટે પૃથક્ થવું જ તો છે. આમાં નાશ તો કોઈનો પણ થતો નથી; ન શરીરના પુદ્‌ગલ પરમાણુઓનો કે ન આત્માના ગુણોનો. આ બંને સ્વભાવથી મળેલા હોવા છતાં સ્વતંત્ર જ છે તો પછી જે પૃથક્ જ છે તેના પૃથક થવામાં ભય અને દુઃખ કેમ ? વસ્તુતઃ શરીર અને આત્મા એ બન્નેને પૃથક્ ન માનીને એક માનવા એ જ ભય અને દુઃખનું કારણ છે. **આ દુઃખ અને ભય મુક્તિનો એક માત્ર ઉપાય એ જ છે કે સ્વયંને અને શરીરને સ્વપ્નમાં પણ એક ન માનીને પૃથક જ અનુભવ કરો અને પોતાના સહજ શુદ્ધ જ્ઞાન - દર્શન સ્વભાવમાં જ હું પણું કરો. પોતાનો જ્ઞાન - દર્શન સ્વભાવ જ એકમાત્ર શરણરૂપ છે, અન્ય કોઈ કાંઈ પણ નહીં.'** આ પ્રકારનું તત્ત્વચિંતન કરીને પોતાના સહજ શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવનો આશ્રય કરવો મુનિની અશરણ અનુપ્રેક્ષા છે.

**(૩) સંસાર ભાવના :** આ ચતુર્ગતિરૂપ સંસારમાં જીવ અનાદિકાળથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ પંચ પરાવર્તનો દ્વારા પરિભ્રમણ કરતા અપાર દુઃખોને સહન કરી રહ્યો છે. **તેનું મૂળ કારણ જીવના કર્મોદયજન્ય રાગ-દ્વેષ અને મોહભાવ છે. આ રાગ-દ્વેષ, મોહ જ સંસારભ્રમણનું મૂળ છે. તેના નાશનો ઉપાય પોતાના જ્ઞાયકસ્વભાવમાં જ્ઞાન-દર્શન તથા આચરણ છે. તેનો પ્રધાન ઉપાય મનમાં ઉત્પન્ન થતાં સર્વ પ્રકારના વિકલ્પરૂપ સાંસારિક ભાવોનો નિરોધ કરવો છે અને મનરૂપ સંસારના નાશનો મૂળ ઉપાય પોતાના સહજ શુદ્ધ જ્ઞાન - દર્શન સ્વભાવમાં એકાગ્ર થઈને સ્થિર રહેવું તે છે.** આ રીતે સંસારપરિભ્રમણના નાશના ઉપાયોનું ચિંતન કરવું તે મુનિની સંસારાનુપ્રેક્ષા છે. વસ્તુતઃ આ ભાવનામાં મુનિ સર્વ પ્રથમ પંચ પરાવર્તનોનું વિસ્તારપૂર્વક ચિંતન કરે છે. પછી ભવભીત થઈને વૈરાગ્યયુક્ત થઈને આ પરાવર્તનોના કારણ અને તેના નાશના ઉપાયોનું વિસ્તૃત ચિંતન કરતો થકો સ્વરૂપવિશ્રાન્તિ પામે છે. **(ક્રમશઃ)**

● ● ●

# ધર્મનું મૂળ વિનય

**રતિલાલ વોરા**

જિનશાસનનું મૂળ વિનય છે. વિનય એ અંતરંગ તપ છે. તેનાથી કર્મનિર્જરા થાય છે. વિનયના પ્રવૃત્ત નિમિત્ત અર્થે ગુણીજનો અને શ્રેષ્ઠજનો પ્રત્યે યથોચિત સન્માનપૂર્વક વ્યવહાર કરવાનું, એમને હાથ જોડવાનું, સામે જવું, વંદના, પર્યુપાસના કરવાનું, એમના આવવાથી ઊભા થઈ જવું, આસન આપવાનું આદિ વિભિન્ન પ્રકારની ભક્તિ કરવી.

વિનયશીલ વ્યક્તિ જ સાધનાના માર્ગ ઉપર, ધર્મમાં આગળ વધી શકે છે. અભિમાની વ્યક્તિ ધર્મ માટે લાયક વ્યક્તિ નથી. જ્યારે વિનયશીલ વ્યક્તિ કે આત્મા ગુરુજનોને પ્રસન્ન કરીને પોતાની સાધનામાં જ્ઞાન સાથે આગળ વધી શકે છે એટલે વિનયને જ્ઞાનનું મૂળ કહેવામાં આવ્યું છે.

જેવી રીતે ફળોથી લચી રહેલું વૃક્ષ નમ્ર બની ઝૂકી જાય છે એવી રીતે જ્ઞાની પુરુષ પણ વિનમ્ર બની જાય છે. વિનય નિઃસ્વાર્થ ભાવથી થવો જોઈએ. જે વ્યક્તિ દરેક સારી વસ્તુને ગ્રહણ કરે છે કે એવી વ્યક્તિમાં મૂળ સ્વભાવમાં રાચે છે. ગ્રહણશીલતા એ ક્યારે પણ અક્કડ સ્વભાવ ધરવાની નથી.

શ્રમણ ભગવંત મહાવીરે બતાવ્યું છે કે વિનય જિનશાસનનું મૂળ ઘરેણું છે. વિનયરહિત ચેતનાને ક્યારે પણ ધર્મ અને તપની પ્રાપ્તિ થતી નથી. વિનયનું વ્યવહારિક ફળ છે કીર્તિ અને મૈત્રી. વિનયી વ્યક્તિ અભિમાનથી મુક્ત થઈને ગુરુઓને સન્માન, તીર્થંકરની આજ્ઞાનું પાલન અને ગુણોનું વિશેષ ધ્યાન રાખી જીવન સફળ બનાવે છે.

જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મન વિનય, કાય વિનય, લોકોપચાર વિનય વગેરે શ્રી સ્થાનાંગ સૂત્રમાં વિનયના વિવિધ પ્રકાર બતાવવામાં આવ્યા છે. એમાં છ પ્રકારના આંતરિક વિનયો છે અને લોકોપચાર વ્યવહારિક વિનય છે.

વિદ્યાનો અધિકારી ફક્ત વિનીત વ્યક્તિ છે. કેમ કે શિક્ષાના સંદર્ભમાં વિનયની બહુ જ મહત્તા બતાવવામાં આવી છે. વિનયહીન વ્યક્તિની બધી શિક્ષા અને જ્ઞાન નિરર્થક છે. શિક્ષાની ઉત્પત્તિ વિનમ્રતામાં છે. જેને શિક્ષા મળી છે, પરંતુ એમાં વિનમ્રતા નથી તો એનું જીવન અસફળ છે. આ કાળમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે પણ આધ્યાત્મિકતાની કલ્પના પણ કરી શકતું નથી. જો આપણને વિનમ્રતાને પુનઃ જીવિત કરીશું તો એ સ્વયં ગૌરવવંત બનશે એની સાથે પૂરા સમાજ અને દેશ પણ ગૌરવાન્વિત બની જશે.

શિક્ષા મેળવવા માટે દરેક વ્યક્તિએ વિનમ્રતાનો પાઠ શીખવો પડશે. કેમ કે શિક્ષા અને બાહ્ય જ્ઞાન પ્રાપ્ત થવાથી વ્યક્તિ વિનમ્ર નથી બનતો એ માટે પોતે જ જવાબદાર છે. આપણા ગુરુદેવો એ જ સમજાવે છે કે આપણે વિનમ્ર બનવાનું છે. શિક્ષા અને બાહ્ય જ્ઞાનથી પ્રાપ્ત થનાર અભિમાનને ત્યાગી દેવાનું છે. જો આપણે આમાં સફળ થયા તો જ આપણે સમાજને સુધારી શકીશું.

વિનમ્ર વિકાસનું સાધન છે. વિકાસ એ જ કરી શકે છે જે વિનમ્ર હોય, જેનામાં વિનમ્રતા હોય. જે સારું ગ્રહણ કરી શકે છે એ જ વિનમ્ર બની શકે છે. એમાં જ પૂરા સમાજનું, વિશ્વનું કલ્યાણ છે. આપણે એક વાત ધ્યાન રાખવી જોઈએ કે આપણું જીવન ત્યારે સફળ થશે જ્યારે આપણે બધાનું કલ્યાણ થાય એવું વિચારીશું અને આપણે આપણા કદમને એ તરફ આગળ વધારીશું. ■ ■ ■

# શ્રુતજ્ઞાનના મહાસાગરનાં મોતી

સંકલન : મિતેશભાઈ એ. શાહ

જૈન વિશ્વકોશ (ભાગ : ૩-૪)નું ઉદ્ઘાટન થઈ ગયું છે, ત્યારે એ વિશ્વકોશની કેટલીક ખૂબીઓ જાણવાનું સાહજિક રીતે મન થાય. આ ગ્રંથોમાં ચંદ્ર વિશેના અનેકવિધ લેખો છે, જેમાં જૈન ગ્રંથોમાં આવતી ચંદ્રની કળા, ચંદ્રનું તાપક્ષેત્ર, ચંદ્રનક્ષત્ર યોગ અને ચંદ્ર પરિવેશની વાત કરી છે. એ જ રીતે જૈન ધર્મનું આગવું જ્યોતિષશાસ્ત્ર છે, જેનો સંબંધ મુખ્યતઃ જ્યોતિષી દેવોની ગતિ પર છે. જેને વિશે મેક્સ હેઈન્ડલ અને બીજા પશ્ચિમી વિદ્વાનોએ ઊંડો અભ્યાસ કર્યો છે અને આ જ્યોતિષશાસ્ત્રને ખગોળશાસ્ત્ર સાથે ગાઢ સંબંધ છે. એમાં માત્ર નવ કે બાર ગ્રહો નથી, પરંતુ પ્રત્યેક ચંદ્ર અને સૂર્ય દીઠ ૮૮ ગ્રહો બતાવ્યા છે.

તો બીજી બાજુ જિનાલયના નિર્માણ માટે જમીન મેળવવાથી માંડીને પ્રતિષ્ઠા સુધીના દરેક કાર્યસંબંધી મુહૂર્તોનું અત્યંત સૂક્ષ્મતાથી નિરૂપણ કર્યું છે. એમાં સામુદ્રિકશાસ્ત્ર અને હસ્તરેખાશાસ્ત્રના ગ્રંથો પણ પ્રાપ્ત થાય છે. જેમ જ્યોતિષશાસ્ત્રનો વિચાર કરવામાં આવે છે, એ જ રીતે છંદશાસ્ત્રની પણ ચર્ચા જૈન વિશ્વકોશમાં મળે છે, જેમાં જૈન ધર્મમાં મળતા છંદશાસ્ત્રના અનેક ગ્રંથોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

જૈન ધર્મનું જીવભૌતિકજ્ઞાન એ એની વિશિષ્ટ બાબત છે અને એની સાથે જીવવિચાર તેમજ જીવવિજ્ઞાન વિશે આમાં છણાવટ કરવામાં આવી છે. જૈન ધર્મના પ્રારંભથી માંડીને આજ સુધીનો ઈતિહાસ આલેખવામાં આવ્યો છે, તો જૈન ધર્મના વિવિધ સંપ્રદાયો અને એ સંપ્રદાયો વચ્ચે કઈ કઈ બાબતોમાં સામ્ય-ભેદ પ્રવર્તે છે તેની વાત કરી છે. જૈન ધર્મમાં દીક્ષાનું અત્યંત મહત્ત્વ છે. ગૃહસ્થના જીવનનું અંતિમ એ વૈરાગ્યને માનવામાં આવે છે. આ દીક્ષા વિશે આગમગ્રંથો શું કહે છે તેનું અહીં વિસ્તૃત વર્ણન આપવામાં આવ્યું છે. સવિશેષ તો ૧૯મા તીર્થંકર મલ્લિનાથ પ્રભુના જીવન ચરિત્રમાંથી મળતી એમની દીક્ષાવિધિનું વિસ્તૃત વર્ણન આ ગ્રંથને એક નવી ગરિમા આપે છે, તો એવી જ રીતે સ્થાનકવાસી સંપ્રદાય, દિગંબર સંપ્રદાયમાં કેવી દીક્ષાવિધિ છે તેની ચર્ચા કરી છે.

તો છેક શ્રમણ જૈન સંસ્કૃતિથી શરૂ થયેલી જૈન ચિત્રકલાનો સમગ્ર ઈતિહાસ આલેખવામાં આવ્યો છે. એમાં કાષ્ટપટ્ટીઓ તથા તાડપત્રીય હસ્તલિખિતોમાં મળતી જૈન શૈલીની વાત આવે છે. આ શૈલીમાં માનવ આકૃતિનું નમણું નાક, ચહેરા બહાર આવતી પરલી આંખ અને લાલ રંગની પાર્શ્વભૂમિ જોવા મળે છે. એની કાષ્ટકલા અનુપમ છે, તો એના તાંત્રિક પટો, વિજ્ઞપ્તિ પત્રો વગેરેનો આગવો મહિમા છે. આમાં અનેકવિધ કથાનકો પણ મળે છે અને રાસફાગુ જેવી સાહિત્યિક કૃતિઓની માહિતી પણ મળે છે.

એક એવી ધારણા છે કે સ્વાતંત્ર્ય આંદોલનમાં જૈન સમાજનો બહુ ઓછો ફાળો હતો, ત્યારે આ સ્વાતંત્ર્યના આંદોલન સમયે ભાગ લેનાર જુદા જુદા સ્વાતંત્ર્યસેનાનીઓનાં ચરિત્રો અહીં રજૂ કર્યાં છે. ચંદ્રસેન જૈન 'નેતાજી' કે ચંદ્રભૂષણ બાનાઈત જેવા સ્વાતંત્ર્યસેનાની વિશે કેટલા લોકો જાણે છે ? તો મહિલા લેખિકા, ચિંતક અને સમાજસેવિકા ચંદાબાઈ ગોયેલનો સ્થાપેલો વનિતાવિશ્રામ જોઈને મહાત્મા ગાંધીજી અત્યંત પ્રસન્ન થયા હતા. આ ગ્રંથમાં જુદા જુદા દેશોમાં ચાલતા જૈન સેન્ટરોની સાથોસાથ એ દેશોમાં જૈનોએ એકત્રિત થઈને સ્થાપેલી 'જૈના', 'વન જૈન ઓર્ગેનાઈઝેશન' જેવી સંસ્થાઓની વિશેષતા

દર્શાવવામાં આવી છે. આમાં જૈન દર્શનની વિશેષતાઓ દર્શાવતા લેખમાં એના તમામ પાસાંઓને આવરી લઈને ચર્ચા કરવામાં આવી છે, તો એની સાથોસાથ જૈન ધર્મ અને વેદાંત-દર્શનનો તુલનાત્મક અભ્યાસ પણ રજૂ થયો છે અને એ જ રીતે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના સામ્યભેદની છણાવટ કરવામાં આવી છે.

કેટલાક આગવા વિષયો પર અહીં વિદ્વાનોનું ચિંતન પ્રગટ થયું છે. જૈન ધર્મ અને અધ્યાત્મ પર અહીં વિસ્તૃત વિચારણા મળે છે તો એ જ રીતે તબીબી વિજ્ઞાન અને જૈન ધર્મની ચર્ચા કરી છે. તો વળી સામાજિક સમાનતા જ નહીં પણ આત્મિક સમાનતાની ભૂમિકા પર રચાયેલી જૈન રાજ્યવ્યવસ્થાની ચર્ચા કરી છે અને સવિશેષ તો એમાં ગણતંત્રની વ્યવસ્થામાં આત્માનુશાસનની સ્થાપના પર મૂકાયેલો ભાર વર્તમાન સમયે પણ વિચારણીય છે. જૈન ધર્મની પરિભાષાઓની સમજ આપવામાં આવી છે તો કન્નડ સાહિત્યમાં મળતા જૈન લેખકોનો પરિચય આલેખ્યો છે. તો વિદેશમાં રહીને આગવી પ્રતિભા દાખવનારા ચંદ્રકાન્ત બી. મહેતા, ચંદુ શાહ, ડૉ. કીર્તિભાઈ શાહ, દીપક જૈન જેવા મહાનુભાવોએ કરેલાં કાર્યોની વિગત મળે છે.

આમ, જૈન ધર્મના એકસો જેટલા વિષયોનો સમાવિષ્ટ કરતો આ 'જૈન વિશ્વકોશ' એ એક અર્થમાં જૈન સંસ્કૃતિના આકાશને દર્શાવે છે. જેમાં જ્ઞાનીપુરુષો, દાનેશ્વરીઓ અને સમાજસેવકોનાં ચરિત્રો પણ ગૂંથી લેવામાં આવ્યા છે, તો ધર્મની ક્રિયાઓ બતાવનારી પરિભાષાઓ પણ સમજાવી છે. 'જૈન વિશ્વકોશ'ના ત્રીજા ખંડમાં ૨૭૪ જેટલા જુદા જુદા વિષયો પર તજજ્ઞોએ લખેલાં લખાણો છે. એંસીથી વધુ લેખકોએ આને માટે પોતાની કલમ ચલાવી છે અને આર્ટપેપર પર મલ્ટીકલરનાં ૧૬૪ ચિત્રોથી આ ગ્રંથ સુશોભિત છે, તો એના ચોથા ગ્રંથમાં ૨૬૮ જેટલા લેખો છે. વિદેશમાં આવેલાં જૈન મંદિરોની હૂબહૂ તસવીરો છે અને આમાં ૭૦ જેટલા લેખકોએ યોગદાન આપ્યું છે તથા મલ્ટી કલર પ્રિન્ટીંગ સાથે આર્ટ કલરમાં ૨૦૦ ચિત્રો પ્રગટ કરવામાં આવ્યાં છે.

આ રીતે 'જૈન વિશ્વકોશ'નો આ શ્રુતયજ્ઞ પહેલા અને બીજા ભાગના પ્રકાશન પછી ત્રીજા અને ચોથા ગ્રંથથી એક ડગલું આગળ વધી રહ્યો છે.

સમગ્ર વિશ્વકોશ ગ્રંથશ્રેણીનું સંપાદન કાર્ય પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને શ્રી ગુણવંત બરવાળિયાએ કરેલ છે. હાલ, રૂા. ૧૫૦૦/- (પંદરસો રૂપિયા)ની કિંમતનો આ ગ્રંથ (જૈન વિશ્વકોશ ભાગ-૩ અને ૪)ના સેટની કિંમત માત્ર રૂા. ૪૦૦/- (ચારસો રૂપિયા) રાખેલ છે. ગ્રંથ કોલકાતા, અમદાવાદ, રાજકોટ, ચેન્નઈ, બેંગ્લોર, વડોદરા, ઘાટકોપર અને કાંદિવલીથી મળી શકશે. સંપર્ક : ૯૮૨૦૨૧૫૫૪૨ - ૮૨૦૦૪૬૨૪૨૦

• • •

## રાજરાજેશ્વર

**- પૂર્ણિમાબેન શાહ**

**બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,**
**તે દેહને સાર્થક કર્યો, નરવીર એવો અહીં થયો;**
**લક્ષ્મી અને અધિકાર વચ્ચે, જળકમળવત્ એ રહ્યો,**
**સુખ ટાળીને, સુખ પ્રાપ્ત કીધું, રાજરાજેશ્વર થયો.૧**

**આ પુરુષરત્નને પામીને, ધરણી બની ગઈ ધન્ય અહો!**
**કલિકાળનું શાસન ડગ્યું, ને પ્રાણ ધર્મમાં સંચર્યો;**
**સંવેગને મળ્યો વેગ અને વૈરાગ્યનો રંગ ઉમટ્યો,**
**શાસન બન્યું નિર્મળ અને દર્શન તણો આગ્રહ ઘટ્યો.૨**

**અતિ પ્રતિભાવંત પુરુષનો, થયો જોગ દુષમકાળમાં,**
**અહો! ભાગ્ય જાગ્યાં ભવ્ય જીવોના, સાચો રાહબર સાંપડ્યો;**
**દૃષ્ટિતણી વિશાળતા અને હૃદયની અતિ સૌમ્યતા,**
**મહાસંતોના અનુપમ ગુણોનો, સાચો સંગમ અહીં થયો.૩**

**મુરઝાયેલી શ્રુતવલ્લરી, નવપલ્લવિત થઈ અહો !**
**ગુરુભક્તિમાં નવી શક્તિ આવી, તત્ત્વનો નિર્ણય થયો;**
**ધર્મ તેના શુદ્ધ વસ્તુધર્મ, રૂપે પરિણમ્યો,**
**અખંડ એવો મોક્ષમાર્ગ, તે વિશ્વમાં વ્યાપી રહ્યો. ૪**

# સમાજ-સંસ્થા દર્શન

## પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી સુનીલસાગરજી મહારાજ (સસંઘ)ના સાન્નિધ્યમાં સંસ્થામાં સંતસમાગમનો મહોત્સવ સાનંદ સંપન્ન

विषयाशावशातीतो निरारंभोऽपरिग्रहः ।
ज्ञानध्यानतपोरक्तः तपस्वी सः प्रशस्यते ॥

**- શ્રી રત્નકરણ્ડશ્રાવકાચાર**

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃતજીમાં સત્સંગ અને સત્પુરુષનું અનેરું માહાત્મ્ય પ્રતિપાદિત કર્યું છે. મુમુક્ષુઓને સંતસમાગમનું તેમજ તપ-ત્યાગ-સંયમનું મહત્ત્વ સમજાય તેમજ સંતસાન્નિધ્યમાં રહીને આત્મશુદ્ધિનો લાભ સંપ્રાપ્ત થાય તેવા હેતુથી આપણી સંસ્થામાં તા. ૧૫-૧૧-૨૦૧૮ થી ૨૪-૧૧-૨૦૧૮ દરમિયાન સંત સમાગમ મહોત્સવ ધર્મોલ્લાસભર્યા વાતાવરણમાં યોજાઈ ગયો.

સંસ્થાની વિનંતીને ધ્યાનમાં લઈને ગાંધીનગર મુકામે ચાતુર્માસની આરાધના કરતા ચતુર્થ પટ્ટાધીશ પૂજ્ય આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજ સંઘ (મુનિ, એલક, ક્ષુલ્લક, આર્યિકામાતા, ક્ષુલ્લિકામાતા) સહિત તા. ૧૫-૧૧-૨૦૧૮ના રોજ આપણી સંસ્થામાં પધાર્યા હતા પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી, સંસ્થાના ટ્રસ્ટીગણ તથા કાર્યકર્તાઓએ સકળ સંઘનું ભાવોલ્લાસપૂર્ણ સ્વાગત કર્યું હતું. સંઘના આગમનથી મુમુક્ષુ ભાઈ-બહેનોના હૃદયમાં ભક્તિપૂર્ણ હૃદયોલ્લાસ ઊછળી રહ્યો હતો. તેઓની ભાવોર્મિ મુખારવિંદ પર ઝળકી રહી હતી. પૂજ્ય આચાર્યશ્રી એ 'ज्ञानक्रियाभ्याम् मोक्षः ।' સૂત્રને પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યું છે. અધ્યાત્મ અને સિદ્ધાંતનો સુભગ સમન્વય તેઓશ્રીમાં દૃષ્ટિગોચર થાય છે. તપસ્વી, સૌમ્યતા, અંતર્મુખતા, નિઃસ્પૃહતા, ઉદારતા, વિશાળબુદ્ધિ, સરળતા, મૌનપ્રિય, પંથનિરપેક્ષતા, શાંત સ્વભાવ, ગંભીરતા જેવા અનેક સદ્ગુણોથી સુશોભિત આચાર્યશ્રી પોતાના જ્ઞાન અને સંયમમય જીવનની સૌરભ પ્રસરાવી રહ્યા છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી પ્રત્યે તેઓને અત્યંત આદરભાવ છે, પરમકૃપાળુદેવના સાહિત્યનો આચાર્યશ્રીએ અભ્યાસ કરેલો છે. દૃષ્ટાંતયુક્ત તત્ત્વજ્ઞાનસભર સચોટ શૈલીમાં પ્રવચન એ આચાર્યશ્રીની આગવી વિશિષ્ટતા છે.

સવારે 'શ્રી સમયસાર' ગ્રંથાધિરાજના આધારે સ્વાધ્યાય આપતા આચાર્યશ્રીએ જણાવ્યું કે સિદ્ધ ભગવંતો ધ્રુવ, અચળ અને અનુપમ ગતિને પ્રાપ્ત થયા છે. 'સમયસાર' સ્વાનુભૂતિગમ્ય છે. સ્વાનુભૂતિ વિના નીવેડો નથી. ક્રિયાનય અને જ્ઞાનનયનું જીવનમાં સંતુલન કરવાનું છે. સ્યાદ્વાદ (અનેકાંત) જૈન ધર્મનો પ્રાણ છે. કાળા વર્ણવાળા મોક્ષે જઈ શકે, પણ કાળા પરિણામવાળા મોક્ષે ન જઈ શકે. સંકલ્પ (પ્રતિજ્ઞા) વિના સિદ્ધિ નથી. જિનવાણીને અંતરમાં ઉતારવાથી મોહનું હરણ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત જીવ સ્વસમય છે અને કર્મ-નોકર્મમાં આત્મબુદ્ધિ ધરાવતો જીવ પરસમય છે. વિકારી પર્યાયને કારણે આત્માનો આનંદ દુઃખરૂપે પરિણમિત થાય છે. આત્માનંદની પ્રાપ્તિ માટે અંતરંગ દૃષ્ટિ કરો. મુનિનું પદ પૂર્ણ આત્મશુદ્ધિ માટે છે. કષાયને અનુરૂપ વિકલ્પો આવ્યા વગર રહેતા નથી. એકત્વમાં આનંદ

છે, દ્વૈતમાં દુઃખ છે. પરિગ્રહ વધતો રહે તેમાં મુંઝાઈ જાય તો તે પુણ્યનો ઉદય નથી. પ્રપંચ ઘટે અને આત્મસ્થિરતા વધે તે વ્રતગ્રહણ પાછળનો ઉદ્દેશ છે. આત્માની નિકટ લઈ જાય, આત્મામાં નિમગ્ન કરાવે તે અધ્યાત્મ. પોતાના વિકાસ કે પતનનું કારણ જીવ સ્વયં છે. તત્ત્વને ધારણ કરનારા વીરલા છે. મોક્ષમાર્ગનો પરિચય તો ગુરુ કરાવે પણ તે માર્ગે ચાલી સ્વાનુભવ માટેનો પુરુષાર્થ જીવે સ્વયં કરવો પડે છે. વાળ સફેદ થયા, પણ આત્મા સફેદ (નિર્મળ) થયો ? ક્ષયોપશમ અને વિશુદ્ધિ વિના દેશનાલબ્ધિ પ્રાપ્ત થતી નથી. કમ બોલો, કામકા બોલો. દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ જ્ઞાયકભાવ પ્રમત્ત કે અપ્રમત્ત નથી. જીવોના પરિણામોને માપવાનું થર્મોમીટર એટલે ગુણસ્થાનક, આત્મચર્ચામાં આનંદ છે તો આત્મચર્યા (આત્માના અનુભવ)માં કેટલો આનંદ હશે ? શુદ્ધ નિશ્ચયનયમાં જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ નથી. અનુભૂતિના સમયે તે ત્રણેયનો અભેદ અનુભવ થાય છે. પ્રજ્ઞારૂપી છીણીથી આત્મા અને કર્મોને ભિન્ન કરવાના છે.

પૂજ્ય ન્યાયાચાર્ય શ્રી અકલંકસ્વામી રચિત 'સ્વરૂપ સંબોધન' ગ્રંથના આધારે સ્વાધ્યાય આપતા આચાર્યશ્રીએ જણાવ્યું કે જ્ઞાની મત-પંથ-સંપ્રદાયથી પાર એવા તત્ત્વને ખોજે છે. જ્યાં સુધી સાધનની પરાધીનતા છે ત્યાં સુધી સાધન મળશે, સાધ્ય નહિ. કષાય અને સંજ્ઞા એ સંસારી જીવના આધારકાર્ડ છે. આત્મા સ્વસંવેદનથી ગ્રાહ્ય છે. જ્ઞાન જ્ઞેયોને જાણે છે પણ જ્ઞેયરૂપ થતું નથી. આત્મસાધના માટે મૌન હિતકારી છે. શ્રુતજ્ઞાન જેટલું કંઠસ્થ હોય તેટલું ધ્યાન દરમિયાન ચિંતનમાં સુલભતા રહે છે. કર્મસત્તાએ આત્મસત્તાને આવરિત કરી દીધી છે. જ્ઞાની બધાની વચ્ચે રહેવા છતાં પોતાનામાં રહે છે. ચારિત્રધારીઓની સંગતિથી વ્રતગ્રહણ કરવાની ઇચ્છા થાય છે. અનેક પ્રકારના જ્ઞેય પદાર્થોને જાણવાના કારણે આત્મા અનેકાત્મક છે. અયોગ્ય અને અનુપયોગી વિચારો અને કાર્યોમાં ઉપયોગને લગાડવો નહિ. બંધનું ફળ સંસાર અને મોક્ષનું ફળ મુક્તિ છે. મારા અનંત ગુણ નિજ આત્માનો વૈભવ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે, ઉપાદાનની યોગ્યતા સ્વયંની જોઈશે. અપને પાસ કેવલ ગ્રંથ ન હો લેકિન વે સબ હૃદયસ્થ હો. યોગ તથા ઉપયોગની શુદ્ધિ અર્થે ઉપવાસ કરવાના છે. ઉત્તરોત્તર વિશુદ્ધિપ્રાપ્ત દર્શન-જ્ઞાન સ્વરૂપમાં સ્થિરતા અથવા સુખ-દુઃખના સમયે જ્ઞાતા-દૃષ્ટાભાવની દૃઢતા ને સમ્યક્ ચારિત્ર છે. અંતરંગ પરિણતિ નિર્મળ થતાં બાહ્ય ત્યાગ આપોઆપ થઈ જાય છે. રાત્રિભોજનત્યાગ તેમજ બજારના ખાનપાનનો ત્યાગ મુમુક્ષુએ અવશ્ય કરવો જોઈએ. વ્રત એ બંધન નથી પણ મુક્તિનો માર્ગ છે. અંતરંગ-બહિરંગ ચારિત્રનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જેટલો પરિગ્રહ વધારે તેટલી ઇચ્છાઓ વધુ. વીતરાગનો માર્ગ પ્રસિદ્ધિનો નહિ, સિદ્ધિનો છે. આત્મનિર્મળતા અને આત્મસ્થિરતાથી રત્નત્રયની વૃદ્ધિ થાય છે. ધાર્મિક કટ્ટરતાને કારણે મત-પંથ-સંપ્રદાયોની દીવાલ બની ગઈ. કષાયથી અનુરંજિત ચિત્ત તત્ત્વનો સ્વીકાર કરતું નથી. વિપરીત પરિસ્થિતિમાં શાંત રહેવું અઘરું છે. 'निर्मोही भव' એવા આશીર્વાદ સંતો આપે છે. વિષયભોગથી ઉદાસીન થઈ આત્મતત્ત્વના ચિંતવનમાં તત્પર થાઓ. હેય તત્ત્વ - અજીવ, આસ્રવ, બંધ. ઉપાદેય તત્ત્વ - જીવ, સંવર, નિર્જરા, મોક્ષ. તત્ત્વનો યથાર્થ નિર્ણય થાય ત્યારે કષાયો પ્રત્યે હેયબુદ્ધિ થાય. ધર્મધ્યાનકે ચક્કર લગાને સે સંસાર કે ચક્કર છૂટ જાયેંગે. જ્ઞાની કાલે બાલોંકો ઉખાડ દેતે હૈ, અજ્ઞાની સફેદ બાલ કાલે કરકે ઘૂમતે હૈ ! તત્ત્વજ્ઞાનીને મોક્ષની પણ આકાંક્ષા નથી. અશુભનું ખટાશપણું છૂટે છે, પણ શુભની મીઠાશ છૂટતી નથી. વચનોથી વ્યક્તિની ઉચ્ચતા કે ન્યૂનતાની ખબર પડે છે.

**બા.બ્ર.પૂ. ગોકુળભાઈ**એ વચનામૃત પત્રાંક-૫૩૯ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ગ્રંથિભેદ

થઈ આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી પરમાં નિજબુદ્ધિ રહે છે. આત્માનો ઉપયોગ આત્માકાર થાય ત્યારે પરિભ્રમણ દશા ટળે છે. આવી દશા જેમને પ્રગટી છે તેઓના સંગમાં રહો, તેઓની દાસત્વભાવે ભક્તિ કરો. રત્નત્રયની અભેદતા એ મોક્ષમાર્ગ છે. તે આત્માના આશ્રયે પ્રગટે છે.

આર્યિકા સુદૃઢમતિ માતાજીએ સમર્પણતા અને ગુરુકૃપા વિષે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. તા. ૨૦-૧૧-૨૦૧૮ના દિવસે સિદ્ધાંત ચક્રવર્તી, તપસ્વીસમ્રાટ પૂ. આચાર્ય ૧૦૮ શ્રી સન્મતિસાગરજી મહારાજના દીક્ષાદિન નિમિત્તે તેઓના ગુણાનુવાદ તથા વિશેષભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂ. આચાર્યશ્રી સુનીલસાગરજી મહારાજે પૂ. આચાર્યશ્રીના સરળ સ્વભાવ, સમતા, સહનશીલતા, સેવાભાવના, દેહ પ્રત્યે નિર્મમત્વ, મધ્યસ્થતા, ધૈર્ય, ગંભીરતા, જિનવાણી પ્રત્યે વિશેષ અનુરાગ જેવા સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. રાત્રે પૂ. આચાર્યશ્રી સન્મતિસાગરજી ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી.

પૂ. આચાર્યશ્રી સુનીલસાગરજી લિખિત 'धर्म जानिये' પુસ્તકનું વિમોચન પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીઓ, કાર્યકર્તાઓની મીટીંગ આચાર્યશ્રી સાથે યોજવામાં આવી હતી; જેમાં આચાર્યશ્રીએ સંસ્થાના વિશેષ વિકાસ માટે સુંદર સૂચનો કર્યા હતા. કેટલાક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પૂજ્ય આચાર્યશ્રી સમક્ષ નિયમ/વ્રત ગ્રહણ કર્યા હતાં; જેમાં બા.બ્ર. અલકાબેને બે પ્રતિમા ધારણ કરેલ છે. નિયમ/વ્રત ગ્રહણ કરનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને સંસ્થા તરફથી અભિનંદન પાઠવીએ છીએ. સંસ્થાના મુમુક્ષુઓએ આહારદાન તથા વૈયાવચ્ચનો લાભ લઈને આત્મવિશુદ્ધિ સહ વિશિષ્ટ પુણ્ય ઉપાર્જન કર્યું હતું. ગુરુ વૈયાવચ્ચ ફંડ તથા સ્વામિવાત્સલ્યના લાભાર્થી ઉદારદિલ દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. શ્રી રેખાબેન પરમાર્થી, શ્રી નીતાબેન લોઢિયા, શ્રી ચંપકભાઈ પરમાર્થી તથા શ્રી સુશીલાબેન કારાણીએ અધ્યાત્મપ્રેરક અને કલાત્મક રંગોળી બનાવીને યોગદાન આપ્યું હતું. મહોત્સવ દરમિયાન સંસ્થાના પ્રકાશનો પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ આદ. શ્રી નીતિનભાઈ પારેખ તથા ટ્રસ્ટી આદ. ડૉ. રાજેશભાઈ સોનેજીએ આભારવિધિ, ઋણસ્વીકાર તથા પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓએ મહોત્સવને સફળ બનાવવા માટે મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, જે બદલ સંસ્થા તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવે છે. મહોત્સવ દરમિયાન સહયોગ આપનાર સૌ કોઈને સંસ્થા તરફથી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં દીપાવલી આરાધના શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૫-૧૧-૨૦૧૮ થી ૮-૧૧-૨૦૧૮ દરમિયાન ચતુર્દિવસીય દીપાવલી આરાધના શિબિર ધર્મોલ્લાસપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ. શિબિરનું સુંદર અને સફળ સંચાલન શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્યથી શિબિરનો મંગલ પ્રારંભ થયો.

● **સ્વાધ્યાય :** આચાર્યશ્રી તુલસીના વરદ હસ્તે સમણદીક્ષા અંગીકાર કરનાર, દેશ-વિદેશોમાં શિબિરોના આયોજન દ્વારા ધાર્મિક જાગૃતિ લાવનાર, અનેક પુસ્તકોના રચયિતા આદ. શ્રી શ્રુતપ્રજ્ઞ સ્વામીજીએ 'સાધનાનું પંચામૃત' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સાધના માટે સમય, પુરુષાર્થ અને જાતને દાવ પર લગાવવાની જરૂર છે. **સાધનાના પાંચ અમૃત છે** : (૧) તત્ત્વનિર્ણય, (૨) અધ્યાત્મ દૃષ્ટિ, (૩) સાધકદૃષ્ટિ, (૪) વિવેકદૃષ્ટિ, (૫) વ્યવહાર દૃષ્ટિ.

સાધનાનો પાયો તત્ત્વનિર્ણય છે. જીવ ધર્મનો પુરુષાર્થ તો કરે છે પણ વૃત્તિ સંસાર તરફ છે. ધર્મ દ્વારા વૃત્તિઓને અંતર્મુખ કરવાની છે. સમ્યક્ત્વ થતાં અંતરની દૃષ્ટિ બદલાઈ જાય છે. વ્યર્થમાં વ્યસ્ત રહેવું છે કે સાર્થકમાં મસ્ત રહેવું છે ? ઉપશમ વિના અભ્યાસમાં ચમક નહિ આવે અને વૈરાગ્ય વિના સાધનામાં સ્થિરતા નહિ આવે, સાધના એટલે આત્મભાવ, અંતર્મુખતા, શાંત અને સહજભાવની વૃદ્ધિ. **આધ્યાત્મિક વ્યક્તિમાં નીચેની પાંચ બાબતો દૃષ્ટિગોચર થાય છે** - (૧) નિમિત્તને કારણ માનવાની ભૂલ કરતા નથી. (૨) ઘટનાને ક્યારેય સ્ટોરી બનાવવાની ભૂલ કરતા નથી. (૩) ક્ષણિક સંજોગોના કારણે સ્થાયી સંસ્કારોને દૂષિત કરતા નથી. (૪) દરેક વ્યક્તિની પોતાની સ્વતંત્ર યાત્રા છે. બીજાની સાથે પોતાની તુલના કરતા નથી. (૫) ભીતર ધર્મ, બહાર સંસાર. આધુનિક યુગના માનવીની **પાંચ મુશ્કેલીઓ અને તેનું સમાધાન :** (૧) ભીડ-એકાંતનું સેવન, (૨) ઘોંઘાટમાં રહેવાની આદત - મૌનની આરાધના, (૩) પ્રમાદ - સ્વાધ્યાય, (૪) પરદોષ દર્શન - સ્વદોષ દર્શન, (૫) મનની વિક્ષિપ્તતા - ધ્યાન. સાધનાનો માર્ગ નિતાંત એકાંતનો માર્ગ છે. જાત (આત્મા) સાથે કનેકશન થયું નથી એટલે એકલાપણું લાગે છે. બહારથી નિષ્ક્રિય અને અંતરમાં પૂર્ણ સક્રિય તેનું નામ નિવૃત્તિ. મૌનને લીધે તમારો પ્રભાવ વધી જાય, નિરીક્ષણ શક્તિ વધી જાય, વિચારો ઓછા થઈ જાય, ક્રોધ કાબૂમાં રહે, મોહ ઘટતો જાય અને કરુણા તથા પ્રેમ વધતાં જાય. જુબાન ખરાબ હોના દિમાગ ખરાબ હોને કી નિશાની હૈ. વિવેકદૃષ્ટિ કેળવવા સદ્‌ગુરુના વચનના અધિકારી થાઓ. વ્યવહારદૃષ્ટિ કેળવવા નિત્ય સત્સંગ, પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ, કૃતજ્ઞભાવ અને નમ્રતાને જીવનમાં અપનાવો.

**આદ.બા.બ્ર.શ્રી સુરેશજી**એ 'શ્રી તત્ત્વાર્થસૂત્ર'ના जगतकाय स्वभावौ... સૂત્ર.... (સંવેગ અને વૈરાગ્ય માટે ક્રમશઃ જગત અને કાયાના સ્વરૂપનું ચિંતન કરવું)ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સંવેગ એટલે મોક્ષ તરફ વળવું અને વૈરાગ્ય એટલે સંસારથી વિમુખ (અનાસક્ત) થવું. વિશ્વનું ભૌતિક સ્વરૂપ તે દ્રવ્યસંસાર અને આત્મા જે પરિણામ (રાગદ્વેષાદિ)થી સંસારમાં પરિભ્રમણ કરે છે તે ભાવસંસાર. છ દ્રવ્યોના સમૂહને લોક કહે છે. પાપ કરીને પ્રસન્ન થવું તે રૌદ્રધ્યાનનું લક્ષણ છે. સંસારપરિભ્રમણ દરમિયાન જગતના દરેક જીવ સાથે આપણા કેટલાય સંબંધો થઈ ચૂક્યા છે. વૈરાગીનું હૃદય શુષ્ક નહિ, પરંતુ ભાવનાશીલ હોય છે. આદ. સુરેશજીએ લોકનું સ્વરૂપ અને પંચપરાવર્તન વિષય પર રોચક શૈલીમાં પ્રકાશ પાડ્યો હતો.

આદ. **શ્રી અશોકભાઈ પી. શાહે** વચનામૃત પત્રાંક ૬૪૮ અંતર્ગત અંતર્મુખતાની સાધના, મુમુક્ષુનું ધ્યેય, અદૃશ્યને દૃશ્ય અને દૃશ્યને અદૃશ્ય કરનારા જ્ઞાનીપુરુષનું મહાત્મ્ય, અંતરસંશોધન વગેરે મુદ્દાઓ પર આગવી તત્ત્વસભર શૈલીમાં છણાવટ કરી હતી. **આદ. શ્રી અનુપમભાઈ શાહે** વચનામૃત પત્રાંક-૪૯૬ અંતર્ગત મુમુક્ષુ માટે નીતિપ્રામાણિકતાની અગત્યતા, નીતિનું સ્વરૂપ, અનીતિથી પ્રાપ્ત થતા દુઃખો, દ્રવ્ય ઉપાર્જનમાં નીતિની અગત્યતા વગેરે બાબતો પર સરળ છતાં સચોટ શૈલીમાં સમજૂતી આપી હતી.

● **મંત્રજાપની ૪૭ માળા :** ઘાતી કર્મોની ૪૭ પ્રકૃતિઓનો નાશ થાય તેવી ભાવનાથી નીચેના મંત્રોની કુલ ૪૭ માળાઓના મંત્રજાપ દ્વારા આત્મવિશુદ્ધિ માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. (૧) સહજાત્મ સ્વરૂપ પરમગુરુ, (૨) આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે, (૩) પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ, (૪) મમ સદ્‌ગુરુ ચરણ સદા શરણં, (૫) સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મસ્વરૂપ.

● **પ્રકીર્ણ :** શિબિર દરમિયાન આદ. શ્રુતપ્રજ્ઞજીએ પ્રાણાયામ તથા ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો. તા. ૬-૧૧-૨૦૧૮ના રોજ સંસ્થા પરિચય પુસ્તિકા (હિન્દી)નું વિમોચન પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રકાશન માટે આદ. ડૉ. રાગિણીબેન તથા બ્ર. શ્રી કપિલભૈયાનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. દીપાવલીના દિવસે ભગવાન મહાવીરને નિર્વાણલાડુ ચઢાવવામાં આવ્યો હતો. આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધારના માર્ગદર્શન હેઠળ મુમુક્ષુ ભાઈ-બહેનોએ દિવાળીની રાત્રે મહાવીરસ્વામીના નિર્વાણ અને ગૌતમ સ્વામીના કેવળજ્ઞાન નિમિત્તે ૧૨૫ લોગસ્સનો કાઉસગ્ગ, **'મહાવીર સ્વામી પરિનિર્વાણ, ગૌતમસ્વામી કેવળજ્ઞાન'** મંત્રની ૧૧ માળા તથા સામાયિકની આરાધના કરી હતી. શ્રી રેખાબેન પરમાર્થી, શ્રી નીતાબેન લોઢિયા, શ્રી ચંપકભાઈ પરમાર્થી તથા શ્રી સુશીલાબેન કારાણીએ પ્રેમપરિશ્રમપૂર્વક કલાત્મક અને પ્રેરણાદાયી રંગોળી કરી હતી. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

● **સાભાર સ્વીકાર :** સંસ્થામાં રહીને સાધના-સેવા કરતા ઉત્તમ મુમુક્ષુ આદ. શ્રી મહેન્દ્રભાઈ તથા વીણાબેન ખંધારના સુપુત્ર શ્રી સુમીતભાઈ / તેજલબેન ખંધાર તરફથી પૂજ્યશ્રી માટે ઈમ્પોર્ટેડ બેસ્ટ ક્વૉલિટી વ્હીલચેર અર્પણ કરવામાં આવી છે; જેનો સંસ્થા સાભાર ધન્યવાદ સહ સ્વીકાર કરે છે.

## પરમકૃપાળુદેવની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી સાનંદ સંપન્ન

કારતક સુદ પૂનમ તા. ૨૩-૧૧-૨૦૧૮ના રોજ આપણી સંસ્થામાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૧મી જન્મજયંતીની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી.

સવારે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પૂજા કરવામાં આવી. ત્યારબાદ સમૂહમાં મંત્રોના ઉચ્ચારણ સહ શ્રી રાજમંદિરમાં પરમકૃપાળુદેવના દર્શન અને ભક્તિ અર્થે સૌ ગયા. ત્યાં હૃદયના ભાવોલ્લાસથી સૌએ રાજભક્તિ કરી.

પૂ. આચાર્ય ૧૦૮ શ્રી સુનીલસાગરજી મહારાજે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે શ્રીમદ્ રાજચંદ્રજીએ વિશિષ્ટ પ્રજ્ઞાના બળે દેહ તથા આત્માને ભિન્ન જાણ્યાં, અનુભવ્યાં. શ્રી મોક્ષમાળા, શ્રી આત્મસિદ્ધિ જેવા અનેક સાહિત્યની રચના દ્વારા લોકોપકાર કર્યો. ૧૫૦ વર્ષ વીતી ગયા છતાં આજે તેઓ લોકોના હૃદયમાં સ્મૃતિરૂપે બિરાજે છે. આજનો દિવસ અપૂર્વ અવસર છે. શ્રીમદ્‌જીએ સ્વપુરુષાર્થ કરી ભેદવિજ્ઞાન દ્વારા અલ્પ આયુમાં શ્રેય સાધી લીધું. તેઓના વચનોની મારા મનમાં છાપ પડેલી છે. શેષ એક વસ્ત્ર પણ તેમના શરીર પર ન રહ્યું હોત તો તેઓ મુનિદશા ધારણ કરત અને ચોથા કાળમાં તો આવા જીવો શ્રેણી ચઢીને મોક્ષે જાય. 'દ્રવ્યસંગ્રહ'ની ગાથાઓનું શ્રીમદ્‌જી ઈડરના પહાડોમાં રટણ કરતા હતા. અંતર્મુખ દૃષ્ટિ થતાં મોહરૂપી વિકલ્પથી ઊપજેલો સંસાર વિલય પામે છે. જાતિસ્મરણજ્ઞાન તેઓના વૈરાગ્યનું નિમિત્ત બન્યું. તેઓના વૈરાગ્ય, વીતરાગતા અને નિઃસ્પૃહતાની ભાવના અમૂલ્ય તત્ત્વવિચાર અને આત્મસિદ્ધિમાં ઝળકે છે. મહાત્મા ગાંધીજીના તેઓ આધ્યાત્મિક માર્ગદર્શક હતા. આત્મગુણો-આત્મનિર્મળતાની સુરક્ષા માટે કરવામાં આવેલો પુરુષાર્થ એટલે ચારિત્ર.

આદ.બા.બ્ર. સુરેશજીએ વચનામૃત પત્રાંક ૧૩૩, ૧૪૪, ૧૭૦, ૧૮૭, ૨૫૫ અને ૪૬૯ના આધારે શ્રીમદ્ રાજચંદ્રજીની આત્મદશાનું વર્ણન કર્યું હતું. રાત્રે ભક્તિસંગીત કાર્યક્રમ અંતર્ગત મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવપૂર્વક પરમકૃપાળુદેવની ભક્તિ કરી હતી.

## સંસ્થામાં ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં પૂજ્યશ્રીના જન્મમંગલદિન નિમિત્તે તા. ૧-૧૨-૨૦૧૮ થી તા. ૩-૧૨-૨૦૧૮ દરમિયાન ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું સફળ સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુ શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય : પૂજ્યશ્રી આત્માનંદજી**એ શુભાશીર્વાદ આપતા જણાવ્યું કે મનુષ્યભવની પ્રત્યેક પળનો સદુપયોગ કરવો જોઈએ કારણકે મનુષ્યભવ દુર્લભ છે. વીતી ગયેલી એક ક્ષણ પાછી આવી શકતી નથી. સારા કાર્યોને 'કાલ' પર છોડવાં તે મૂર્ખતા છે. સમયનો એવો ઉપયોગ કરીએ કે જેથી તે ફળદાયી થાય. મહાપુરુષો પોતાની પ્રત્યેક પળનો હિસાબ રાખે છે. સાધકે દૈનિક ડાયરી લખવાની આદત પાડવી જોઈએ. લોભ એ માનવીનો મોટો શત્રુ છે. લોભ ૧૦મા ગુણસ્થાનના અંતે જાય છે. સર્વ પાપનો બાપ તે લોભ છે. દાન દ્વારા આપણે લોભને ઘટાડતા રહેવો જોઈએ. આ ઉપરાંત પૂજ્યશ્રીના વીડિયો કેસેટના આધારે સ્વાધ્યાય યોજાયા હતાં.

**આદ. ચૈતન્યસ્વામી**એ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે 'હું' અને 'મારાપણું' ગલિત થાય છે ત્યારે જીવનમાં સુખ આવે છે. ધર્મ સ્યાદ્‌વાદથી સમજાય, અનેકાંતથી અપનાવાય અને સમ્યક્ એકાંતથી સ્થિર થવાય છે. વ્યવહાર અને નિશ્ચયનય એક સિક્કાની બે બાજુ જેવા છે. બન્નેનો જીવનમાં સમન્વય કરવાનો છે. જ્ઞાની મળ્યા પણ બાહ્યમાં અટક્યા નથી ને ? બીજાને મિથ્યાત્વી કહેનાર ખુદ મિથ્યાત્વી હોય છે. આપણે વિભાવથી એવા અભ્યસ્ત થઈ ગયા છીએ કે સ્વભાવ તરફ દૃષ્ટિ જતી નથી. સ્વભાવથી ચ્યૂત થવું તે હિંસા છે. વિદ્વાન નહિ પણ વૈરાગી બનવા પ્રયત્ન કરવો. ધર્મનો જીવનમાં પ્રયોગ કરવાનો છે. પોતાને અવિનાશી જાણનાર મૃત્યુથી ડરતો નથી. ઘટના ઘટ્યા પછી પસ્તાવો થાય તે પ્રાયશ્ચિત્ત. મન-વચન-કાયાને સાધન બનાવી સાધ્ય (સ્વરૂપસ્થિરતા) તરફ જવાનું છે. સદ્‌ગુરુના શરણમાં યથાર્થ સમજણ પ્રાપ્ત કરવાની છે. ધ્યાન એટલે ઉપયોગને અંતર્મુખ કરવા પ્રયત્ન કરવો.

**આદ.ડૉ. કુમારપાળભાઈ દેસાઈ**એ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આ સંસ્થાએ સમાજને નવી દિશામાં લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. ભીતરની વૃત્તિઓ અને વાણીને બંધ કરાવે તે મૌન. ગુરુ પથદર્શક છે અને સાથ પણ આપે છે. પૂજ્યશ્રી લિખિત 'સાધકસાથી' પુસ્તક સમાજ માટે ખૂબ ઉપયોગી સાબિત થયું છે. ગુરુ એ કે જેમની પાસે તમે સાહજિકતાથી જઈ શકો. ગુરુ આત્મભ્રાંતિ નામના રોગનું નિદાન કરે છે. ગુરુની ઉપસ્થિતિનો સતત અહેસાસ શિષ્યને હોય છે. આવતીકાલની ચિંતામાં માનવી 'આજ' બગાડી રહ્યો છે. મૃત્યુના ભય અને જિંદગીની ચિંતાઓથી મુક્ત કરાવે તે ગુરુ. આવા ગુરુ અનુભવમૂર્તિ, ઉદારમૂર્તિ, ભજનમૂર્તિ, પ્રેમમૂર્તિ અને કરુણામૂર્તિ હોય છે. પૂજ્યશ્રીએ આપણને અધ્યાત્મનું આકાશ બતાવ્યું છે. તેઓશ્રીએ દેશ, રાષ્ટ્ર, પ્રજા અને તેના સંસ્કારોની ચિંતા કરી છે. માનવી મૂલ્યનિષ્ઠ, સંસ્કારી અને ચારિત્રવાન બને તે માટેના પૂજ્યશ્રીના પ્રયત્નો સ્તુત્ય છે. તેમના પ્રયત્નોથી અનેક લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. ગુરુ દીવાલ નથી, દ્વાર છે. ગુરુકૃપાથી અહંકારનું ધનુષ તૂટી જાય છે. ગુરુના વેણ અને નેણને સમજે તેનો બેડો પાર થઈ જાય.

વચનામૃતજીના ઊંડા અભ્યાસી, પ્રજ્ઞાવંત અને સરળ **આદ.શ્રી સુધીરભાઈ મહેતા**એ વચનામૃત પત્રાંક-૪૪૯ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જ્ઞાનીપુરુષો બાહ્ય પ્રવૃત્તિ કર્મના ઉદયને ખપાવવા

માટે કરે છે, પણ તેમાં તેમને રસ હોતો નથી. જ્ઞાની નિવૃત્તિને ઇચ્છે છે. બાહ્ય પ્રવૃત્તિ જીવ કરે છે ત્યારે તેના સંસ્કાર આત્મામાં રહી જાય છે અને જ્યારે જાગૃતિ ઓછી હોય ત્યારે તે સંસ્કાર ધક્કો મારે છે અને તેમાં ભળવાનું થાય છે. કષાયભાવ અને ઇન્દ્રિયોના વિષયમાં આસક્તિ આત્મકલ્યાણને અવરોધરૂપ છે. જ્ઞાની પુરુષનો સાચો આશ્રય કરે તો કલ્યાણને અવરોધક ભાવ અટકે છે. કોઈના દુઃખમાં નિમિત્ત ન બનવાનું જ્ઞાનીઓ કહે છે. ખરો વૈરાગ્ય, શાંતવૃત્તિ તથા સંસારથી છૂટવાની તીવ્ર ભાવના હોય તેવો જીવ સિદ્ધાંતબોધનો અધિકારી છે. જ્ઞાની પુરુષની આજ્ઞા અનુસાર જીવન બનાવનારને કલ્યાણની પ્રાપ્તિ અવશ્ય થાય છે. ભક્તિ એટલે જોડાયેલા રહેવું. ખરેખર સંસારથી છૂટવું હશે તો જીવનનું આમૂલ પરિવર્તન કરવું પડશે.

**બા.બ્ર. સુરેશજી**એ શ્રી મોક્ષમાળા શિક્ષાપાઠ - ૩૬ 'અનાનુપૂર્વી'ના આધારે સૌને એકાગ્રતાનો અભ્યાસ કરાવ્યો. તેઓશ્રીએ જણાવ્યું કે મોક્ષની પ્રાપ્તિ માટે મનને પવિત્ર અને આત્માને શુદ્ધ બનાવવો જરૂરી છે. મનને પવિત્ર અને એકાગ્ર કરવાનો અભ્યાસ જરૂરી છે. એકાગ્રતા સાધન છે અને નિર્મળતા તે સાધ્ય છે. આત્માની નિર્મળતા માટે અભ્યંતર વાસનાઓનો ત્યાગ કરવો પડે છે. 'અનાનુપૂર્વી' ઉપયોગને એકાગ્ર કરે છે. આત્મા નિશ્ચયથી અરૂપી પણ વ્યવહારથી સંસારી અવસ્થામાં રૂપી છે. મીતાહાર અને સાત્ત્વિક આહારથી આપણા પરિણામ (ભાવ)માં ફરક પડે છે. સાધક ભૂખ્યો રહે પણ અભક્ષ્ય અને અશુદ્ધ આહાર કરે નહિ. જે પદાર્થો આત્માને કલુષિત કરતા હોય તે પદાર્થોનો ત્યાગ કરવો.

● **ભક્તિસંગીત :** તા. ૧-૧૨-૨૦૧૮ના રાત્રે આદ.ડૉ. શેફાલીબેન શાહે ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા. તેઓ ભક્તિપદોની સ્વયં રચના પણ કરે છે. તા. ૨-૧૨-૨૦૧૮ના રોજ સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિ કરી હતી.

● **પુસ્તક વિમોચન :** પૂજ્યશ્રી આત્માનંદજી લિખિત **'અધ્યાત્મતત્ત્વ પ્રશ્નોત્તરી'** (પાંચમી આવૃત્તિ)નું વિમોચન તા. ૧-૧૨-૨૦૧૮ના રોજ આદ.શ્રી સુધીરભાઈ મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

પૂજ્યશ્રી લિખિત અને સંસ્થા પ્રકાશિત **'શ્રીમદ્ રાજચંદ્રની જીવનસાધના'** (ચોથી આવૃત્તિ)નું વિમોચન તા. ૨-૧૨-૨૦૧૮ના રોજ આદ. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તિકાના પ્રકાશન માટે શ્રી જગદીશભાઈ મહેતા (રાજકોટ) તરફથી અર્થસહયોગ સાંપડ્યો છે. આદ.શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ (લંડન) તરફથી પરિવાર દીઠ પુસ્તિકાની પ્રભાવના કરવામાં આવી હતી. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત **'પરમનો સ્પર્શ'** પુસ્તકનું વિમોચન તા. ૨-૧૨-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રી આત્માનંદજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પુસ્તક લેખકશ્રીએ પૂજ્યશ્રી આત્માનંદજી અને પૂજ્ય બહેનશ્રીને અર્પણ કરેલ છે.

● **પ્રકીર્ણ :** શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન સ્વામિવાત્સલ્યનો લાભ આપનાર દાનવીર મુમુક્ષુ મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. શ્રી નીતાબેન લોઢિયા, ડૉ. રમાબેન દેસાઈ, શ્રી રેખાબેન પરમાર્થી તથા શ્રી ચંપકભાઈ પરમાર્થીએ ગુરુભક્તિવર્ધક પ્રેરક રંગોળી બનાવી હતી. શ્રી જયેશભાઈ એસ. શાહ (શાલિભદ્ર સ્ટેશનર્સ) તરફથી સુંદર સ્ટીકર્સની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુર તથા પૂજ્ય મહંતસ્વામી તથા અનેક મુમુક્ષુઓ તરફથી પૂજ્યશ્રીને જન્મદિન નિમિત્તે શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યા હતા.

## સંસ્થામાં સ્વૈચ્છિક રક્તદાન શિબિર સંપન્ન

પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે તા. ૨-૧૨-૨૦૧૮ના રોજ હેલ્પ વોલન્ટરી બ્લડબેંક, અમદાવાદના સહયોગથી સંસ્થામાં સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રી આત્માનંદજી તથા મહાનુભાવોના દીપ-પ્રાગટ્ય અને મંગલાચરણ બાદ આદ.ડૉ. દિલીપભાઈએ જણાવ્યું હતું કે સંસ્થામાં રક્તદાન શરૂ કરવાનો શ્રેય પૂજ્ય બહેનશ્રીને જાય છે. રક્તદાન આપનારને કોઈ તકલીફ પડતી નથી. સંસ્થાના ટ્રસ્ટી આદ. ડૉ. રાજેશભાઈ સોનેજીએ જણાવ્યું કે રક્તદાન આપનાર ચાર જિંદગી બચાવે છે. બ્લડમાંથી ભાગ પાડવામાં આવે છે; જેમાંથી લોહીની ઊણપવાળા, ડેન્ગ્યૂના દર્દી વગેરે જરૂરિયાતવાળાઓને લોહી પૂરું પાડવામાં આવે છે. ૨૨ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરીને સમાજસેવાના યજ્ઞમાં આહુતિ અર્પી હતી. રક્તદાતાઓને સર્ટિફિકેટ તથા પ્રભાવના આપવામાં આવેલ. સર્વે રક્તદાતાઓને અભિનંદન.

## મુંબઈની ધર્મયાત્રા સાનંદ સંપન્ન

તા. ૨૮-૯-૨૦૧૮ થી તા. ૩૦-૯-૨૦૧૮ દરમિયાન આપણી સંસ્થાના બા.બ્ર.શ્રી સુરેશજી, બા.બ્ર.અલકાબેન, બા.બ્ર. જનકબેન, બ્ર.કપિલભાઈ વગેરે યુવાત્યાગીસાધકોની મુંબઈની ધર્મયાત્રા સંપન્ન થઈ. આ યાત્રામાં મુંબઈથી અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો પણ સહભાગી થયા હતા.

પ્રથમ દિવસે સંસ્થાના મુમુક્ષુઓ અને ત્યાગી સાધકોએ ૧૦૮ પૂજ્ય આચાર્યશ્રી અનુભવસાગરજી મહારાજના સત્સંગ, પ્રવચન અને આહારદાનનો લાભ લીધો હતો. બીજા દિવસે સવારે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, ઘાટકોપર મુકામે ભક્તિ-સત્સંગનો કાર્યક્રમ યોજાયો હતો; જેમાં બા.બ્ર.અલકાબેન, બા.બ્ર.જનકબેન તથા બ્ર. કપિલભાઈએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. ત્યારબાદ બા.બ્ર. સુરેશજીએ વચનામૃત પત્રાંક-૨૧૧ના આધારે તાત્ત્વિક અને સચોટ શૈલીમાં સ્વાધ્યાય આપ્યો હતો. આ પ્રસંગે સારી સંખ્યામાં મુમુક્ષુઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્રીજા દિવસે ત્રિમૂર્તિ મંદિરમાં સામૂહિક પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણેય દિવસ આવાસાદિની સુવિધા વિનય-વિવેક સંપન્ન આદ. શ્રી શરદભાઈ/ઈલાબેન ડેલીવાળાને ત્યાં કરવામાં આવી હતી. પ્રસંગોપાત આદ. સર્વશ્રી જયંતભાઈ શાહ, નીતિનભાઈ પારેખ, અરુણભાઈ બગડિયા, પંકજભાઈ શાહ, કિંતનભાઈ, મલયભાઈ વગેરે મુમુક્ષુઓના નિવાસસ્થાને પણ ભક્તિ-સત્સંગના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા.

## 'સંબોધિધામ' મુકામે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના કાવ્યોની હિન્દી અનુવાદિત સી.ડી.નું વિમોચન

જૈન શ્વે. તેરાપંથ સમાજ સંચાલિત 'સંબોધિધામ' (રાજસ્થાન) મુકામે સંતશ્રી શુભકરણજી મહારાજના સાન્નિધ્યમાં તા. ૧૪-૧૦-૨૦૧૮ના રોજ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના કાવ્યોની હિન્દી અનુવાદિત સી.ડી. તથા 'નવપદ સાધના' અને 'પરમાર્થ પ્રાર્થના' પુસ્તકનું વિમોચન આપણી સંસ્થાના બા.બ્ર.સુરેશજીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે આપણી સંસ્થામાંથી શ્રી પ્રવીણભાઈ મહેતા, શ્રી ભારતીબેન મહેતા, શ્રી અરુણભાઈ બગડિયા, શ્રી જોઈતારામભાઈ વગેરે સાધકો ઉપસ્થિત રહ્યા હતા. સંતશ્રી શુભકરણજી મહારાજ પરમકૃપાળુદેવ પ્રત્યે અનન્ય શ્રદ્ધા ધરાવે છે. વચનામૃતજીનો તેઓ અભ્યાસ કરે છે. તેઓશ્રીની પ્રેરણાથી સુંદર પરમકૃપાળુદેવનું (ગુરુમંદિરનું) નિર્માણ પણ થઈ રહ્યું છે. સંબોધિધામ એકાંત, શાંત અને નૈસર્ગિક રમણીય સ્થળ છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **ગુરુસેવાત્યાગી વૈયાવચ્ચ ફંડ :**

| | | |
|---|---|---|
| | ૧. એક મુમુક્ષુ, લંડન (જ્ઞાનદાન, મેડિકલ) | રૂા. ૪,૫૦,૦૦૦/- |
| ● **ભોજનાલય :** | ૧. સ્વ. દોશી લક્ષ્મીબેન ચંપાલાલના આત્મશ્રેયાર્થે હસ્તે દોશી ચંપાલાલ ન્યાલચંદ, વિજયનગર (સાબરકાંઠા) (કાયમી તિથિ, મેડિકલ, જીવદયા) | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | ૨. શ્રી જીનાબેન પારસભાઈ મોદી શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર | રૂા. ૩૫,૦૦૦/- |
| ● **ગુરુકુળ :** | ૧. શ્રી ગુલાબચંદ કે. શાહ, મુંબઈ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | ૨. શ્રી શૈલેષભાઈ / અમિતાબેન દેસાઈ (લોસ એંજેલસ, USA)ના માતૃશ્રી શારદાદેવી મંગલભાઈ દેસાઈ (મુંબઈ)ના સ્મરણાર્થે, હસ્તે શ્રી મહેન્દ્રભાઈ ખંધાર | રૂા. ૨૧,૨૦૦/- |
| ● **પુસ્તક પ્રકાશન :** | ૧. શ્રી વીણાબેન જગદીશભાઈ મહેતા, રાજકોટ | રૂા. ૧૫,૦૦૦/- |
| | ૨. શ્રી દેવાંગ દીપકભાઈ શાહ, હસ્તે શ્રી દીપ્તિબેન શાહ, રાજકોટ | રૂા. ૧૩,૦૦૦/- |
| | ૩. શ્રી ચેતનભાઈ શાહ, મુંબઈ | રૂા. ૧૦,૦૦૦/- |


● **દૈનિક ભક્તિક્રમ - ઓડિયો સીડી :**

| | | |
|---|---|---|
| | ૧. શ્રી અશોકભાઈ પી. શાહ, મુંબઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| | ૨. શ્રી ધર્મિષ્ઠાબેન અશોકભાઈ શાહ - કોબા, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | ૩. શ્રી ઊર્મિલાબેન એચ. શાહ, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| ● **મેડિકલ સેન્ટર :** | ૧. શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જામનગર (મોતીયાના ઑપરેશન માટે) | રૂા. ૯૦,૦૦૦/- |
| ● **સાધારણ ખાતું :** | ૧. ડૉ. જશવંતભાઈ તથા ડૉ. મીરાંબેન મોદી પ્રમુખ, જૈન સંઘ, લોસ એંજેલસ, USA હસ્તે શ્રી મહેન્દ્રભાઈ ખંધાર | રૂા. ૧,૬૯,૦૫૮/- |
| | ૨. શ્રી શિવાની ઠાકોર | રૂા. ૨૫,૦૦૦/- |
| | ૩. શ્રી મહેશભાઈ અને ઉષાબેન વાધર, ઉપપ્રમુખ, જૈન ફેડરેશન, USA હસ્તે શ્રી મહેન્દ્રભાઈ ખંધાર | રૂા. ૧૪,૭૦૧/- |
| | ૪. શ્રી કિશોરભાઈ મહેતા, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |

● **શ્રી સાધુ-ત્યાગી વૈયાવચ્ચ - ૨૦૧૮ :**


| | | |
|---|---|---|
| ૧. | શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| ૨. | શ્રી ઓમ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, હસ્તે શ્રી પારસભાઈ મોદી, જામનગર | રૂા. ૨,૫૦,૦૦૦/- |
| ૩. | શ્રી સોહમ એજ્યુકેશન ટ્રસ્ટ, હસ્તે શ્રી રશ્મિકાંતભાઈ મોદી, રાજકોટ | રૂા. ૨,૫૦,૦૦૦/- |
| ૪. | શ્રી શાંતિલાલ સી. મહેતા, મુંબઈ | રૂા. ૧,૨૫,૦૦૦/- |
| ૫. | ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર, અમદાવાદ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૬. | શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, લોસ એંજેલસ, USA | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૭. | શ્રી નવીનભાઈ બી. શાહ, મુંબઈ | રૂા. ૭૫,૦૦૦/- |
| ૮. | શ્રી બકુલભાઈ પારેખ, ચેન્નાઈ | રૂા. ૭૫,૦૦૦/- |
| ૯. | શ્રી ગગનેશભાઈ બી. સંઘવી | રૂા. ૭૫,૦૦૦/- |
| ૧૦. | શ્રી કમલેશભાઈ મનસુખલાલ ગોસલિયા, ચેન્નાઈ | રૂા. ૭૫,૦૦૦/- |
| ૧૧. | શ્રી કુમુદચંદ્ર એસ. મહેતા | રૂા. ૫૧,૦૦૦/- |
| ૧૨. | શ્રી પ્રફુલભાઈ જે. લાખાણી, USA | રૂા. ૫૧,૦૦૦/- |
| ૧૩. | એક મુમુક્ષુ તરફથી, અમદાવાદ | રૂા. ૫૧,૦૦૦/- |
| ૧૪. | આત્માર્થી સાધકગ્રુપ, હસ્તે શ્રી હિતેનભાઈ હરિયા, મુંબઈ | રૂા. ૩૫,૦૦૦/- |
| ૧૫. | શ્રી નવીનભાઈ બી. શાહ, મુંબઈ તથા શ્રી જયંતિલાલ કે. શાહ, હિંમતનગર | રૂા. ૩૫,૦૦૦/- |
| ૧૬. | શ્રી મગનભાઈ ખુશાલભાઈ સોલંકી, હિંમતનગર | રૂા. ૩૫,૦૦૦/- |
| ૧૭. | શ્રી દીનાબેન નીતિનભાઈ પારેખ, મુંબઈ | રૂા. ૨૫,૦૦૦/- |
| ૧૮. | શ્રી કમળાબેન / જયંતિલાલ કે. શાહ, હિંમતનગર | રૂા. ૨૨,૦૦૦/- |
| ૧૯. | શ્રી નયનાબેન સુમતિચંદ્ર દોશી, હસ્તે શ્રી ભાવેશભાઈ, મુંબઈ | રૂા. ૧૯,૧૧૦/- |
| ૨૦. | શ્રી ડૉ. શરદ જૈન, અમદાવાદ | રૂા. ૧૫,૦૦૦/- |
| ૨૧. | શ્રી હર્ષદભાઈ વસાણી, બોટાદ | રૂા. ૧૨,૦૦૦/- |
| ૨૨. | શ્રી બીનાબેન જે. સોમાણી, અમદાવાદ | રૂા. ૧૧,૧૧૧/- |
| ૨૩. | બા.બ્ર. સંધ્યાબેન જૈન, ડુંગરપુર (રાજસ્થાન) | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૪. | શ્રી અરુણભાઈ બગડિયા, કોબા | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૫. | શ્રી ઉપેન્દ્રજી ભૂતા, મંદસોર (મ.પ્ર.) | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૬. | શ્રી વર્ષાબેન સુરેશભાઈ શેઠ, સુરેન્દ્રનગર | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૭. | સ્વ. નવીનભાઈ શાહના આત્મશ્રેયાર્થે, હસ્તે શ્રી સુસ્મિતાબેન, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૮. | શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ, રાજકોટ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૨૯. | શ્રી રાજેન્દ્રભાઈ વી. મોદી, હસ્તે શ્રી મીનાબેન મોદી, પાલિતાણા | રૂા. ૧૧,૦૦૦/- |
| ૩૦. | એક મુમુક્ષુ તરફથી, હસ્તે બા.બ્ર.અલકાબેન (રાજસ્થાન) | રૂા. ૧૧,૦૦૦/- |

## વૈરાગ્ય સમાચાર



**[૧] ગાંધીનગર :** ચતુર્થ પટ્ટાચાર્ય પૂજ્ય આચાર્યશ્રી ૧૦૮ સુનીલસાગરજી મહારાજના સાન્નિધ્યમાં ૮૩ દિવસની સાધના સહિત સલ્લેખનાપૂર્વક **પૂજ્ય ક્ષુલ્લક ૧૦૫ શ્રી સાર્થકસાગરજીએ** પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો છે.

તેઓનું ગૃહસ્થાવસ્થાનું નામ નાથૂકાકા હતું. ગુરુપૂર્ણિમાના દિવસે આચાર્યશ્રીના દર્શનાર્થે તેઓ પધાર્યા હતા. અશાતાવેદનીયના ઉદયને કારણે તેઓના હાથમાં ઈન્ફેક્શન થઈ ગયું. ડૉક્ટરે હાથ કાપવો પડશે તેમ કહ્યું. વેન્ટીલેટર પર હોવા છતાં આચાર્યશ્રીના સાન્નિધ્યમાં ક્ષુલ્લક દીક્ષા ગ્રહણ કરીને સમાધિમરણ માટે તેઓ તૈયાર થઈ ગયા. ૯ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ તેઓએ ૧૧ પ્રતિમા ધારણ કરી. સ્વાધ્યાયશ્રવણ, નવકારમંત્રના જાપ, ઉપવાસ વગેરે દ્વારા તેઓએ ૮૩ દિવસની આરાધના કરી. જીવનનું અંતિમ પ્રતિક્રમણ ગુરુચરણમાં કર્યું. 'હું કોણ છું ? ક્યાંથી થયો ?' પદનું તેઓ ચિંતન કરતા. મુનિઓએ તથા ગૃહસ્થાવસ્થાના તેઓના સુપુત્ર પારસભાઈએ ક્ષપક શ્રી સાર્થકસાગરજીની સારી વૈયાવચ્ચ (સેવા) કરી હતી. પૂજ્ય આચાર્યશ્રીએ સંબોધન અને આશીર્વાદ દ્વારા ક્ષપકને સમાધિમરણ માટેનું બળ પૂરું પાડ્યું. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે અને આગામી થોડા ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને ભાવપૂર્વક પ્રાર્થના છે.



**[૨] મુંબઈ :** મૂળ લીંબડીના અને હાલ અંધેરી-મુંબઈ રહેતા **શ્રી અનિલકુમાર નરોત્તમદાસ ખંધાર** (મહેન્દ્રભાઈ ખંધારના કાકા)ના સલ્લેખના વિધિ સહિત સમાધિમરણપૂર્વક પરમ પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજીની નિશ્રામાં, ખજૂરાહો ચાતુર્માસ દરમિયાન, ઓક્ટોબર ૩૧, ૨૦૧૮ના રોજ અરિહંત શરણ સાથે ૨૧ મા દિવસે સંથારો સીઝતા, ૮૫ વર્ષની વયે દેહવિલય થયો છે.

તેમનો જન્મ ૧૯૩૩માં થયો હતો અને ૫૮ વર્ષની ઉંમરે ૧૯૯૧માં પૂ.આચાર્યશ્રી વિદ્યાસાગરજીના પ્રથમવાર દર્શન મુક્તાગિરિ (અમરાવતી પાસે મહારાષ્ટ્રમાં) કર્યા, ત્યારે પૂ.શ્રી આત્માનંદજી, બહેનશ્રી શર્મિષ્ઠાબેન, મહેન્દ્રભાઈ ખંધાર સહિત કોબાનો સંઘ ત્યાં આચાર્યશ્રીના દર્શનાર્થે આવેલ. પૂ.સાહેબજીનો ત્યારે પરિચય થયા પછી અનિલભાઈ અવારનવાર કોબા શિબિરોમાં આવતા હતા. અનિલભાઈએ મુક્તાગિરિમાં જ આચાર્યશ્રી પાસે તે વખતે જ આજીવન બ્રહ્મચર્ય વ્રત તથા રાત્રિભોજન ત્યાગની બાધા લઈ લીધી. પછી તો દર વર્ષે



આચાર્યશ્રીના દર્શન-સમાગમથી તેમની સાધનાએ વેગ પકડ્યો. ૨૦૦૪માં નિવૃત્તિ લીધી, ૨૦૦૯માં સાંજે અન્નનો ત્યાગ, ૨૦૧૧માં પરિગ્રહ ત્યાગ, ૨૦૧૨માં આચાર્યશ્રી પાસે ભવઆલોચના, ૨૦૧૪માં સલ્લેખનાનો ભાવ, ૨૦૧૭ થી આરંભ-સમારંભનો ત્યાગ અને ખોરાકમાં માત્ર કણકી, દૂધીનું શાક અને છાશ. ૨૦૧૮માં ૨૦ સપ્ટેમ્બરથી એક જ વાર આહાર, ૧૦ ઓક્ટોબરના દિવસે દસ પ્રતિમા ધારણ (ભાવમુનિ) અને સલ્લેખના વ્રતગ્રહણ, ૩૧ ઓક્ટોબરે સંથારો સીઝયો (દેહવિલય). ૨૧ દિવસની સલ્લેખનામાં ૪ નિર્જળા (ચોવિહારા) ઉપવાસ અને ૪ જલ ઉપવાસ (તિવિહારા) કર્યા હતા.

આપણા શ્રાવકોના ત્રણ મનોરથમાં સમાધિમરણ ત્રીજો મનોરથ છે. સલ્લેખના એ વિધિ છે અને સમાધિમરણ તેનું અંતિમ લક્ષ્ય - સિદ્ધિ છે. સલ્લેખના એ કાયા અને કષાયોને કૃશ કરવાની વિધિ છે.

શ્રી અનિલભાઈની આ સફળ સલ્લેખના પાછળ આંતરિક પરિબળોમાં : તેમની પાત્રતા, સરળતા, ઉત્સાહ, સાહજિકતા, ધર્મરુચિ, આચાર્યશ્રી પ્રત્યે પ્રેમ-શ્રદ્ધા-સમર્પણતા, માતા-પિતાની નિષ્કામ સેવા અને કર્મોદય (પુણ્યોદય) છે. બાહ્ય પરિબળોમાં : પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજીનું માર્ગદર્શન અને આશીર્વાદ, સહધર્મચારિણી સુશીલાબેનનો સંપૂર્ણ સહયોગ, ધર્મસારથિરૂપ આદર્શપુત્ર કલ્પેશ, આદર્શ પુત્રવધૂ સ્નેહાબેન, બાળબ્રહ્મચારિણી પુત્રી પ્રીતિ દીદી, બા.બ્ર. પરિમલભાઈ ખંધારની પ્રેરણા અને ભત્રીજા-મિત્ર કિશોરભાઈ ખંધારના સહ-સ્વાધ્યાય છે.

સમાધિના રહસ્યજ્ઞાતા અને સમાધિસમ્રાટ પૂ.આચાર્ય શ્રી વિદ્યાસાગરજીની નિશ્રામાં થયેલ ૧૦૦થી વધુ સમાધિમરણમાં અનિલભાઈની સલ્લેખના-સમાધિ ઘણી ઉચ્ચ કક્ષાની હતી અને મુનિઓ-શ્રાવકો-સર્વ માટે પ્રેરણારૂપ છે, તેમ આચાર્યશ્રીએ પ્રસન્નતાથી કહ્યું. શાસ્ત્રકારો કહે છે કે આચાર્યની નિશ્રામાં વિધિપૂર્વક સલ્લેખના કરનારની નિયમથી દેવગતિ હોય છે અને સંસારપરિભ્રમણમાં તેને ગણતરીના ભવો જ બાકી રહે છે. સમગ્ર કોબા પરિવાર અનિલભાઈના આ મહાન પુરુષાર્થ અને સફળતાને બિરદાવીને ખૂબ ખૂબ અનુમોદના કરે છે અને તેમના આત્માની શાંતિ - સદ્‌ગતિ - શીઘ્ર મુક્તિ માટે પ્રાર્થના કરે છે.

## મારી ભાવના

**રચયિતા : જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું સાચા ત્યાગી સંત જો ?
તપ જપ કિરિયા સાધી શુદ્ધ સાધના,
ક્યારે પામશું ભવભય કેરો અંત જો ?

સમતા ભાવે સામાયિક વ્રત આદરી,
ક્યારે થઈશું આતમ ધ્યાન લીન જો ?
શત્રુ મિત્રમાં રાખી સદા સમભાવને,
ક્યારે કરશું સમતારસનું પાન જો ?

પર પરિણતી પરભાવ દશાને પરિહરી,
ક્યારે રમશું નિજ સ્વભાવમાં નિત્ય જો ?
મૈત્રી ભાવના પવિત્ર ઝરણા ઝીલી,
સકળ કરમનો ક્ષય કરી બનું સિદ્ધ જો.

નિર્જન વન સ્મશાન કે શૂન્યાગારમાં,
અંતિમ અનશન કરી કાઉસગ્ગ ધ્યાનમાં;
પશ્ચાત્તાપના જળથી પાપ પખાળીને,
સમાધિ ભાવમાં પામું પદ નિર્વાણ જો.

પથ્થર ને પારસમણિ સરખા ગણી,
છેદીશ ક્યારે પરિગ્રહ કેરી જાળ જો ?
લબ્ધિ લક્ષ્મણ કીર્તિ કેરી કામના,
ટાળીશ ક્યારે બહુવિધ સર્વ જંજાળ જો ?

**પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા**

# સંસ્થામાં યોજાયેલ દીપાવલી આરાધના શિબિર વેળાની તસવીરો
(તા. ૫-૧૧-૨૦૧૮ થી તા. ૮-૧૧-૨૦૧૮)


પૂજ્યશ્રીની નિશ્રા


સમણ શ્રી શ્રુતપ્રજ્ઞજી


બા.બ્ર. સુરેશજી


આદ. શ્રી અશોકભાઈ


આદ. શ્રી અનુપમભાઈ


સંસ્થા પરિચય પુસ્તિકા (હિન્દી)ના વિમોચન વેળાએ


મંત્રજાપ વેળાએ


શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર (ઘાટકોપર) મુકામે સ્વાધ્યાય આપતા બા.બ્ર. સુરેશજી (તા.૨૯-૯-૨૦૧૮)


શ્રી સંબોધિ ઉપવનધામ (રાજસમંદ, રાજસ્થાન) મુકામે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના કાવ્યોની હિંદી ભાષાંતરની સી.ડી.ના વિમોચન વેળાએ (તા. ૧૪-૧૦-૨૦૧૮)

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020
issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month



પરમ પૂજ્ય ૧૦૮ આચાર્ય
શ્રી અનુભવસાગરજી
મહારાજના સત્સંગ વેળાએ
ઉપસ્થિત કોબા મુમુક્ષુવૃંદ
(તા. ૨૮-૯-૨૦૧૮)



સંસ્થાના
શ્રી રાજમંદિરમાં
રાજભક્તિ
(કારતક સુદ પૂનમ)

**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

૧ 'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શકરાબા અને મંગળભાઈ દેસાઈ ટ્રસ્ટ** (નડિયાદ)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ડિસેમ્બર - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શ્રી સરોજબેન અશ્વિનભાઈ પંચમિયા પરિવાર** (સાયન, મુંબઈ)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah

To,